અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ ઓગસ્ટ ૨૦૨૩, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ તેરસ

વર્ષ : ૧૫
અંક : ૩૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આ વર્ષના અંત સુધી મોટાભાગના સેક્ટરો મંદીમાંથી ઉગરી ઝગમગતા જોવા મળશે, વર્ષના અંત સુધીમાં વિવિધ સેક્ટરોમાં તેજી જોવા મળી શકે છે

## રક્ષાબંધન તહેવાર પર ૧૦ હજાર કરોડનો બિઝનેસ થવાનો અંદાજ

। નવી દિલ્હી, તા.૨૮ ।

દેશભરમાં તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે... રક્ષાબંધન પણ નજીક આવી ગઈ છે... ભાઈ-બહેન વચ્ચેના પ્રેમનો તહેવાર રક્ષાબંધનથી માર્કેટમાં છવાયેલી મંદી દુર થવાનું શરૂ થઈ જશે. વેપારીઓના અંદાજ મુજબ, રક્ષાબંધન પર ૧૦ હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ થવાનો અંદાજ છે. ઉપરાંત આ વર્ષના અંત સુધી મોટાભાગના સેક્ટરો મંદીમાંથી ઉગરી ઝગમગતા જોવા મળશે. રક્ષાબંધનથી લઈને વર્ષના અંત સુધીમાં વિવિધ સેક્ટરોમાં તેજી જોવા મળી શકે છે. આમ થવાથી વેપારીઓના લાભ તો થશે જ... ઉપરાંત રોજગારની તકો પણ વધશે. ગત વર્ષ માર્કેટમાં મંદી છવાયેલી જોવા મળી હતી, તે દરમિયાન રક્ષાબંધન પર કુલ રૂપિયા ૭ હજાર કરોડનો બિઝનેસ થયો હતો, જ્યારે વર્ષ ૨૦૨૧માં ૬ હજાર કરોડ રૂપિયા બિઝનેસ થયો હતો. ૨૦૨૦ની વાત કરીએ તો રક્ષાબંધન પર્વે ૫ હજાર કરોડ, ૨૦૧૯માં ૩૫૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૮માં લગભગ ૩ હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ થયો હતો. જો કેટનું માનીએ તો દર વર્ષે રક્ષાબંધન પર્વે એક હજાર કરોડની વૃદ્ધિ થઈ રહી છે. વેપારીઓના સંગઠન કેટના અંદાજ મુજબ આ વર્ષે રક્ષાબંધન પર કપડાં ઉદ્યોગ ઉપરાંત ઓટોમોબાઈલ, લેપટોપ, મોબાઈલ અને એફએમસીજી સેક્ટરની વસ્તુઓનો વપરાશમાં વૃદ્ધિ થશે અને આ સેક્ટરોની કામગીરી પણ ઝડપી ગતિએ આગળ વધશે. વેપારીઓના સંગઠન કેટના અંદાજ મુજબ આ વર્ષે રક્ષાબંધન પર કપડાં ઉદ્યોગ ઉપરાંત ઓટોમોબાઈલ, લેપટોપ, મોબાઈલ અને એફએમસીજી સેક્ટરની વસ્તુઓનો વપરાશમાં વૃદ્ધિ થશે અને આ સેક્ટરોની કામગીરી પણ ઝડપી ગતિએ આગળ વધશે. ઉલ્લેખનિય છે કે, આ વખતે રક્ષાબંધનની ઉજવણી ૩૦ ઓગસ્ટે કરવી કે ૩૧ ઓગસ્ટના તેને લઈને મતમતાંતર સર્જાયા છે. કેટલાક જ્યોતિષીઓના મતે ૩૦ ઓગસ્ટના રાત્રે ૯:૦૫થી રાત્રે ૧૦:૫૫ના રાખડી બાંધવા માટે જ મુહૂર્ત છે. બીજી તરફ કેટલાક જ્યોતિષીઓનું માનવું છે કે, ધાર્મિક રીતે ૩૧ ઓગસ્ટ-ગુરુવારના આખો દિવસ રક્ષાબંધન કરી શકાશે અને સમગ્ર દિવસ શુદ્ધ છે.



### માર્કેટમાં છવાયેલી મંદી દૂર થવાની આશા



શક્તિપીઠ અંબાજી, ડાકોરમાં ૩૧ ઓગસ્ટના જ શ્રાવણ પૂર્ણિમા ઉજવાશે. શક્તિપીઠ અંબાજીમાં ૩૧ ઓગસ્ટે જ પૂનમ ભરવામાં આવશે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા ખાતે આવેલા પ્રસિદ્ધ દ્વારકાધિસ મંદિર ખાતે કાળિયા ઠાકોરને જનોઇ ૩૦ ઓગસ્ટના બપોરે ૧૨ બાદ બદલવામાં આવશે જ્યારે ત્યાં પૂનમ ૩૧ ઓગસ્ટ છે. આવી જ રીતે ડાકોરના રણછોડરાયજી મંદિરમાં પણ ૩૧ ઓગસ્ટના જ શ્રાવણી પૂર્ણિમા ઉજવાશે. જોકે ગુજરાતની વાત કરીએ તો જ્યોતિષીઓ મુજબ રક્ષાબંધન ૨ દિવસ નહીં એક જ દિવસ ઉજવાશે. આ વર્ષે શ્રાવણ મહિનાની પૂણમા તિથિ ૩૦ ઓગસ્ટની સવારે ૧૦:૫૮થી ૩૧ ઓગસ્ટની સવારે ૭:૫૮ સુધી રહેવાની છે.

---

### ન્યૂઝ બ્રિફ

#### પુતિનના ભારત આવવા અંગેની રાષ્ટ્રપતિ કાર્યાલય જાહેરાત કરી શકે

। નવી દિલ્હી, તા.૨૮ ।

રશિયા-યુક્રેન યુદ્ધને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે... હજુ પણ બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામની કોઈ સંભાવના જોવા મળી રહી નથી... ત્યારે આગામી મહિને ભારતમાં જી૨૦ શિખર સંમેલન યોજાવાનું છે. ઉપરાંત એવા અહેવાલ પણ વહેતા થયા છે કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત આવશે... ભારતના યોજાનારા જી૨૦ સંમેલનમાં પુતિન ભાગ લેશે... જોકે આ માત્ર વાતો જ છે.

#### તેજસ્વી યાદવે ૨૨ સપ્ટેમ્બરે મેટ્રો કોર્ટમાં હાજર રહેવું પડશે

। અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતીઓને મહાઠગ કહેવાના નિવેદનને લઈને બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવની મુશ્કેલીમાં વધારો થયો છે. આ નિવેદનને લઈને અમદાવાદની મેટ્રો કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં બદનક્ષી કેસમાં પ્રાથમિક રીતે ગુનો બનતો હોવાનું કોર્ટે નોંધ્યુ છે અને સમન્સ ઈશ્યુ કર્યું છે. હવે તેજસ્વી યાદવે ૨૨ સપ્ટેમ્બરે કોર્ટમાં હાજર રહેવું પડશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અરજદારના વકીલ દ્વારા અગાઉની સુનાવણીમાં ઈક્વાયરી ક્લોઝિંગ પ્રોસિજર રજૂ કરાઈ હતી.

---

### ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિકનો આક્ષેપ | આવા રાષ્ટ્રીય પ્રોજેક્ટની વાત થશે તો વડાપ્રધાન સિવાય બીજું કોણ શ્રેય લેશે?

## પહેલાની સરકારોને ઈસરો પર ભરોસો નહતો : નંબી નારાયણ

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના ચંદ્રયાન-૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ થઈ ગયું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ ચંદ્રનું દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડ થયા બાદ ઈતિહાસ રચી દીધો છે. ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક નંબી નારાયણે જણાવ્યું કે, પહેલાની સરકારોને ઈસરો પર વિશ્વાસ નહોતો. આ જ કારણ છે કે, ભારતીય સ્પેસ એજન્સીને પૂરતા પ્રમાણમાં બજેટ આપવામાં નહોતું આવતું. ઈસરોના શરૂઆતના દિવસો વિશે વાત કરતા નંબી નારાયણનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો બીજેપીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો છે. વીડિયોમાં ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક કહી રહ્યા છે.

#### ચંદ્રયાન-૩ની ઐતિહાસિક સફળતાનો તમામ શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઈ રહ્યા છે



વીડિયોમાં જ્યારે ચંદ્રયાન-૩ની ઐતિહાસિક સફળતાનો તમામ શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઈ રહ્યા છે તેવા વિપક્ષના આરોપો પર સવાલ પૂછવામાં આવ્યો ત્યારે નંબી નારાયણે કહ્યું કે આવા રાષ્ટ્રીય પ્રોજેક્ટની વાત થશે તો વડાપ્રધાન સિવાય બીજું કોણ શ્રેય લેશે? તમે ભલે વડા પ્રધાનને પસંદ નથી કરતા એ તમારી સમસ્યા છે પરંતુ તમે તેમની પાસેથી ક્રેડિટ ન છીનવી શકો. તમે વડા પ્રધાનને પસંદ નથી કરતા આ કારણોસર તમે તેમને પોસ્ટ પરથી હટાવી ન શકો. નંબી નારાયણનું જીવન કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછું નથી. ૧૯૪૧માં તમિલ પરિવારમાં જન્મેલા નંબી નારાયણે કેરળના તિરુવનંતપુરમમાંથી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં એમટેકની ડિગ્રી લીધી હતી. આગળના અભ્યાસ માટે તેઓ ફેલોશિપ પર અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટી ચાલ્યા ગયા હતા. અમેરિકાથી પરત ફર્યા બાદ તેમણે ઈસરોસાથે કામ કરવાનું શરૂ કર્યું.

---

### નવી ઇન્ડેન એક્સ્ટ્રાતેજ એલપીજી બ્રાન્ડ

## ઈન્ડિયન ઓઈલે સંજીવ કપૂરને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી દીધો

#### આઈઓસી દ્વારા શેફ સંજીવ કપૂરને દર્શાવતી એક્સ્ટ્રાતેજ ટીવી કમર્શિયલ

। બેંગલુરૂ, તા.૨૮ ।

ઈન્ડિયન ઓઈલે તેની નવી ઈન્ડેન એક્સ્ટ્રાતેજ એલપીજી બ્રાન્ડના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રખ્યાત સેલિબ્રિટી શેફ સંજીવ કપૂર સાથે જોડાણની ગર્વપૂર્વક જાહેરાત કરી હતી. આ જાહેરાત બેંગાલુરુમાં રાંધણકળાની ઉત્કૃષ્ટતા અને ઉદ્યોગનાજ્ઞાનના સંગમ એવી પ્રતિષ્ઠિત ઈન્ડેન એક્સ્ટ્રાતેજ હોટેલિયર હાર્મની મીટમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શેફ સંજીવ કપૂરને દર્શાવતી નવી એક્સ્ટ્રાતેજ ટીવી કમર્શિયલનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેમણે રાંધણકળાની નવીનતા અને કાર્યદક્ષતા પ્રત્યે ઈન્ડિયન ઓઈલની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. કપૂરે કારોબારની કામગીરીમાં વિસ્તરણ કરવાની સાથે-સાથે એલપીજીની બચત કરતા કિફાયતી ઉકેલ બનાવવા માટે કંપનીના સમર્પણની પ્રશંસા કરી હતી, જેથી ગ્રાહકોની વધતી જતી અપેક્ષાઓને પૂર્ણ કરી શકાય.

---

### રાજસ્થાનની યુવતીએ વિશ્વમાં નામ રોશન કર્યું

## સીકરની પ્રિયન સેને મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો ખિતાબ જીત્યો

#### પ્રિયન સેન ડિસેમ્બરમાં વિયેતનામમાં ઈન્ટરનેશનલ બ્યુટી પૈજંટ મિસ અર્થમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

। નવી દિલ્હી, તા.૨૮ ।

સીકર, રાજસ્થાનમાં રહેનાર પ્રિયન સેને મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ ખિતાબ મેળવનાર તે પ્રથમ રાજસ્થાની છે. આ ઈવેન્ટનું આયોજન ડિવાઈન બ્યુટીના દીપક અગ્રવાલ દ્વારા દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડીયમમાં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિયને દુનિયાભરમાં ભારતનું નામ રોશન કર્યું હતું. ડિવાઈન બ્યુટી, એ મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયા અને મિસ અર્થ ઈન્ડિયાના ખિતાબ આપે છે. જેના દ્વારા ભારતીય યુવતીઓ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રિયન સેન ૧૬



ફીનાલીસ્ટમાં મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો ખિતાબ જીતી હતી. પ્રિયનને જયારે મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો તાજ પહેરાવવામાં આવ્યો ત્યારે તે ખુબ ભાવુક થઈ હતી. હવે આ ઉપલબ્ધી બાદ પ્રિયન ડિસેમ્બરમાં વિયેતનામમાં આયોજીત ઈન્ટરનેશનલ બ્યુટી પૈજંટ મિસ અર્થમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. મિસ રાજસ્થાનના આયોજક અને પ્રિયનના મેન્ટર યોગેશ મિશ્રા અને નિમિષા મિશ્રા એ જણાવ્યું કે, પ્રિયન મિસ રાજસ્થાન ૨૦૨૨ની ફર્સ્ટ રનર અપ રહી ચુકી છે. આ સાથે તેની મિસ ઈન્ડિયા ફાઈનલની તૈયારી અને મેડીકલનો અભ્યાસ પણ કરે છે. પ્રિયનના મમ્મી રાજસ્થાનની એક સરકારી સ્કુલમાં ટીચર છે. તેમજ તેમણે એકલા હાથે પ્રિયનનો ઉછેર કર્યો છે. પ્રિયને તેના અભ્યાસની સાથે તેના પેશનને ફોલો કર્યું અને આજે તેણીએ આટલી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. પ્રિયન કહે છે કે, તે પહેલા એક ટોમબોય પર્સનાલીટી ધરાવતી હતી.

---

### સપ્તાહના કારોબારના પહેલા દિવસે બજારમાં તેજી

## સેન્સેક્સમાં ૧૧૦, નિફ્ટીમાં ૪૦ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

#### બેન્કિંગ, ઓટો, ફાર્મા, મેટલ્સ, ઈન્ફ્રા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર તેજી સાથે બંધ

। મુંબઈ, તા.૨૮ ।

સપ્તાહના પહેલા દિવસે આજે માર્કેટમાં તેજી જોવા મળી હતી, સવારથી ખુલતા માર્કેટમાં તેજીનો પવન ફૂંકાયેલો રહ્યો. દિવસના અંતે સ્ટૉક માર્કેટમાં બે મોટા ઈન્ડેક્સ બીએસએઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટી વધારા સાથે બંધ થયા હતા. દિવસના કારોબારના અંતે આજે બીએસઈનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૧૭ ટકા ઉપર રહી ૧૧૦.૦૯ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૯૬.૬૦ ના



સ્તર પર બંધ રહ્યો હતો, જ્યારે દિવસના કારોબારના અંતે એનએસઈ નિફ્ટીમાં પણ ઉછાળો આવ્યો હતો.



## આરવ પાસે થાઈલેન્ડ જવા માટે એક રૂપિયો પણ ન હતો

। અમદાવાદ, તા.૨૮ ।

રમતગમતમાં યુવાનો આગળ વધે તે માટે કેન્દ્ર સરકાર ઘણા પ્રયત્નો કરી રહી છે. છતાં કેટલાક વિસ્તારોમાં હજી પણ યુવાઓ માટે રમતગમત ક્ષેત્ર પડકારભર્યું સાબિત થાય છે. કેટલાક ગરીબ પરિવારના સંતાનો આર્થિક સ્થિતિને કારણે આગળ આવતા નથી. પરંતુ અમદાવાદનો આરવ રાજપૂત આવા જ પડકારોથી લડી દેશમાટે ગોલ્ડ મેડલ લઈ આવ્યો. આ માટે અમદાવાદના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેને હિતેશ બારોટે તેને થાઈલેન્ડ જવા મદદ કરી હતી, અને તેના બદલામાં આરવે દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો. આરવ તેના ભાઈ અને માતાપિતા સાથે મેમનગરમાં એક નાનકડા ઘરમાં રહે છે. તેને નાનપણથી કરાટેમાં આગળ વધવું હતું. આરવે નેશનલ લેવલ સુધી અનેક મેડલ્સ પણ જીત્યા. પરંતુ ખરી ચેતવણી ઈન્ટરનેશનલમાં રમવા જતા પહેલા આવી. થાઈલેન્ડમાં ઈન્ટરનેશનલ કરાટે ડુ ચેમ્પિયનશિપ માટે આરવ સિલેક્ટ થયો, પણ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેની પાસે થાઈલેન્ડ જવાના પૈસા ન હતા. આરવ પાસે થાઈલેન્ડ જવા પૈસા ન હોવાથી તેને ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીનો સંપર્ક કર્યો પણ નિયમ મુજબ એક વાર ખેલાડી સ્પર્ધામાં ભાગ લઈ લે. ત્યાર બાદ જ તેને પ્રવાસનો ખર્ચ મળી શકે. અંતે કોઈ વિકલ્પ ન દેખાતા તેણે ચેમ્પિયનશિપમાંથી નામ પાછુ લઈ લેવાનું વિચાર્યું હતું. એક દિવસે ઓચિંતા મંદિરના દર્શન કરતા સમયે સામાજિક આગેવાન નીરુ પટેલ સાથે તેની મુલાકાત થઈ.

### મેઘસવારી પાછી ફરશે ખરી?

# સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં ધડબડાટી બોલાવશે વરસાદ?

### બીજી તરફ કોઈ સિસ્ટમ સક્રિય ન હોવાથી સારા હાલ વરસાદની શક્યતા ન હોવાનું હવામાન વિભાગનું કહેવું છે

। અમદાવાદ, તા.૨૮ ।

ઓગસ્ટ મહિનો પૂરો થવા આવ્યો પરંતુ આખા મહિના દરમિયાન વરસાદે રાહ જોવડાવી છે. સારા વરસાદની આશા વચ્ચે માત્ર ઝાપટાથી જ સંતોષ માનવો પડ્યો છે. આવામાં લોકો રાહ જોઈ રહ્યા છે કે, આખરે સારો વરસાદ ક્યારે પડશે? સાથે જ ચર્ચા છે કે આખરે કેમ મેઘરાજા ગુજરાતથી રિસાયા છે? આગામી સમયમાં વરસાદની આગાહીની વાત કરીએ તો, હવામાન વિભાગે વ્યક્ત કરેલી સંભાવના પ્રમાણે આગામી ૩૧ ઓગસ્ટથી તો સમગ્ર ગુજરાતમાંથી લગભગ વરસાદ ગાયબ થઈ જશે.

હળવા વરસાદ પણ જોવા નહીં મળે. જોકે, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વરસાદ માટે સાનુકૂળ સ્થિતિ બનવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમના મતે સપ્ટેમ્બરમાં વરસાદ થવાની સંભાવના છે. ગુજરાતમાં વરસાદનું વિલન કોણ? રાજ્યમાં સારા વરસાદ માટે હજુ રણ રાહ જોવી પડશે. અલનીનો ગુજરાતમાં વરસાદ માટે જાણે વિલન બની ગયું છે. બીજી તરફ કોઈ સિસ્ટમ સક્રિય ન હોવાથી સારા હાલ વરસાદની શક્યતા ન હોવાનું હવામાન વિભાગનું કહેવું છે. અલનીનો



વિઘ્ન રૂપ હોવાથી પાકને જીવન દાન મળે તે અર્થે ખેડૂતોને હજુ પણ સારા વરસાદની રાહ જોવી પડશે. જોકે, ૩૦ તારીખ સુધી દક્ષિણના કેટલાક ભાગોમાં હળવાથી સામાન્ય વરસાદની વકી છે. પરંતુ તે બાદ એટલે કે ૩૧ તારીખથી તો વરસાદ લગભગ ગાયબ થયેલો જણાશે.

જોકે, ૪-૫ સપ્ટેમ્બરમાં બંગાળના ઉપસાગરમાં તેના અવશેષરૂપી ગતિવિધિમાં વધારો થશે. આમ, બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થશે. વેલમાર્ક લો પ્રેશર બનશે અને જે ગતિવિધિના કારણે દેશના દક્ષિણપૂર્વના તટિય ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ દરમિયાન દક્ષિણ ભારતના ભાગો, મહારાષ્ટ્ર, ઓરિસા, પૂર્વ રાજસ્થાન, પૂર્વ ઉત્તરપ્રદેશના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ સાથે અંબાલાલ પટેલે ગુજરાતમાં પણ વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરીને જણાવ્યું છે કે, સપ્ટેમ્બરના પહેલા સપ્તાહમાં હવામાનમાં ફેરફાર થશે અને બીજા સપ્તાહમાં વરસાદ થવાની શક્યતાઓ છે. જેમાં ઉત્તર ગુજરાત, પંચમહાલના ભાગો, મધ્ય ગુજરાતના ભાગો, કચ્છના કેટલાક ભાગો, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે.

### પર્યાવરણ કી એસી કી તેસી

## પ્રતિબંધ હોવા છતાં મોટા પાયે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓનું નિર્માણ થઈ રહ્યું છે

### ચિખોદરા ચોકડી, વઘાસી ગામ સહિત વિવિધ વિસ્તારોમાં રાજસ્થાનનાં શિલ્પ કારો દ્વારા મોટા પાયે POP ની મૂર્તિઓનું નિર્માણ શરૂ કરી દેવામાં આવ્યું છે

। આણંદ, તા.૨૮ ।

ગણેશ મહોત્સવ હવે થોડા દિવસો બાકી રહ્યા છે, ત્યારે શિલ્પકારો દ્વારા ગણેશજીની મૂર્તિઓ બનાવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જો કે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ પર પ્રતિબંધ હોવા છતાં મોટા પાયે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓનું નિર્માણ થઈ રહ્યું છે. ગણેશ મહોત્સવ પર્વ આડે હવે ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે. ત્યારે આણંદની. ચિખોદરા ચોકડી, વઘાસી ગામ સહિત વિવિધ વિસ્તારોમાં રાજસ્થાનનાં શિલ્પકારો દ્વારા મોટા પાયે POP ની મૂર્તિઓનું નિર્માણ શરૂ કરી દેવામાં આવ્યું છે. એક ફૂટથી લઈને ૧૦ ફૂટની મૂર્તિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અને POP ની મૂર્તિઓ તૈયાર કરી



દેવામાં આવી છે અને હવે કલરકામ દ્વારા મૂર્તિઓને આખરી ટચ આપવામાં આવી રહ્યો છે. POP ની મૂર્તિઓ પર પ્રતિબંધ હોવા છતાં છેડેચોક POPમૂર્તિઓનું નિર્માણ થઈ રહ્યું છે અને અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ POP મૂર્તિઓ તૈયાર કરી દેવામાં આવી છે. જેથી આગામી ગણેશ મહોત્સવમાં POPની ગણેશજીની મૂર્તિઓ નહીં લાવવાનાં પ્રતિબંધના લીરેલીરા ઉડશે તેમ લાગી રહ્યું છે.

### નાહવા પડેલા ચાર લોકો તણાયા હોવાની ઘટના સામે આવી

## માંડવીના દરિયામાં ત્રણ કિશોર સહિત ચાર લોકો ડૂબ્યા, એક લાપત્તા

। કચ્છ, તા.૨૮ ।

કચ્છ જિલ્લાના માંડવીના દરિયામાં નાહવા પડેલા ચાર લોકો તણાયા હોવાની ઘટના સામે આવી છે. તણાયેલા ચારમાંથી બે કિશોરના મોત થયા છે. જ્યારે એક કિશોરને બચાવી લેવાયો છે. જો કે દરિયામાં તણાયેલ ચોથી વ્યક્તિ હજુ પણ લાપત્તા હોવાનું કહેવાય છે. બનાવની જાણ થતા જ તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કચ્છના માંડવીમાં આવેલા દરિયા કિનારે તહેવારોની રજાઓમાં કે રવિવારના દિવસે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડતા હોય છે. આ દરમિયાન તેઓ નાહવા માટે દરિયામાં ઉતરતા હોય છે, ત્યારે અનેકવાર અનિચ્છનીય ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે આવી જ એક ઘટના આજે એટલે કે રવિવારે સામે આવી છે. જેમાં દરિયામાં નાહવા પડેલા ૪ લોકો ડૂબ્યા હતા. તેમાંથી ૨ લોકોના મોત થયા છે. જ્યારે એક કિશોરને રેસ્ક્યુ કરી બચાવી લેવામાં આવ્યો છે. તો એક વ્યક્તિ હજુ પણ લાપતા છે. જેની તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## વડોદરાના હરણીમાં શિવકૃપા રેસિડેન્સીમાં દારૂની મહેફિલ ઝડપાઈ

। વડોદરા, તા.૨૮ ।

વડોદરાના હરણીમાં શિવકૃપા રેસિડેન્સીમાં દારૂની મહેફિલ ઝડપાઈ છે. જન્મદિવસની ઉજવણી માટે યુવતીએ દારૂ પાર્ટીનું આયોજન કર્યું હતું. પોલીસે ૪ યુવતી અને ૫ યુવકો સહિત ૯ની ધરપકડ કરી છે. બિયરની ૧૨ બોટલ અને દારૂની એક બોટલ સાથે ૨ એક્ટિવા બાઈક પણ જપ્ત કરાઈ છે.

હાલમાં શ્રાવણ માસ નિમિતે પોલીસ સતત પેટ્રોલીંગ કરી રહી છે. એક તરફ શ્રાવણીયા જુગાર રમતા લોકોને પકડવા પોલીસ કામે લાગી છે જેની વચ્ચે હવે આ નબીરાઓને પોલીસે ઝડપી પાડ્યા છે. દારૂ પાર્ટીમાં મસગુલ આ નબીરાઓના રંગમાં પોલીસે ભંગ પાડ્યો હતો અને તમામની ધરપકડ કરી હતી.

હરણી ની શિવકૃપા સોસાયટી માં ઝડપાયેલી દારૂ ની મહેફિલ જ્યાં ચાલતી હતી તે ઘરમાંજ રહેતી એક યુવતી દ્વારા દારૂની આ મહેફિલનું આયોજન કર્યું હતું, માતા પિતાના કાબુ બહાર ગયેલી આ યુવતી એ પરિવારની આબરૂ કર્યા વિના ઘરમાં પાર્ટીનું આયોજન કર્યું અને પોતાના યુવક અને મહિલા મિત્રોને બોલાવી વોડકા તથા બિયરની મજા માણી રહી હતી ત્યારેજ મહિલા ગોસાઈની આગેવાની હેઠળ પોલીસ ટિમ ત્રાટકી હતી, જેનો જન્મદિવસ હતો તે પાર્ટીની આયોજક યુવતીના પરિવારની નજીકની વ્યક્તિ એજ પોલીસને જાણ કરતા પોલીસે દરોડો પાડ્યો હતો. હરણી પોલીસે દારૂની મહેફિલની આયોજક યુવતી અને અન્ય ત્રણ યુવતીઓ ની ધરપકડ સહિતની કાનૂની કાર્યવાહી તો કરી હતી પરંતુ તેઓની ઓળખ છતી ના થાય તેનું પૂરતું ધ્યાન રાખ્યું હતું, પોલીસે સત્તાવાર રીતે આ મહેફિલ ઝડપાઈની જાહેરાત કરતી પ્રેસ નોટ તો જારી કરી હતી પરંતુ પ્રેસનોટ માં પણ આરોપી યુવતીઓના નામ નહોતા માત્ર ૫ યુવક આરોપીઓ નાજ નામ જાહેર કરાયા હતા.

## માંડવીમાં ૫૦ લાખના દાગીનાની ચોરી, આરોપીઓ ફરાર થઈ ગયા

। કચ્છ, તા.૨૮ ।

કચ્છના માંડવીમાં ગઈ કાલે રાતે દેના બેંક પાસેથી પસાર થતા દરમિયાન વેપારી સાથે લૂંટ થઈ હતી. પોલીસ તપાસમાં દાગીના ભરેલો એક થેલો પણ મળી આવ્યો છે. ગઈ કાલે ૨ શખ્સો એક વેપારી પાસેથી દાગીનાનો થેલો લૂંટીને ફરાર થયા હતા. થેલામાં અંદાજિત ૫૦ લાખના દાગીના હોય તેવુ અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે.મહત્વનું છે, પોલીસની શોધખોળમાં દાગીના ભરેલો એક થેલો મળી આવ્યો છે. હાલ, તો પોલીસે ફરાર ૨ શખ્સોની શોધખોળ હાથ ધરી છે. સરેઆમ આ પ્રકારે વેપારી સાથે લૂંટની ઘટના બની હતી. તો, તસ્કરોના વધતા ત્રાસ સામે પોલીસ કડક પગલાં લે તેવી માગ કરાઈ છે. તો આ તરફ સુરતના પલસાણામાં લોખંડના જેક અને પાટાની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. આશાપુરા સિમેન્ટ આર્ટિકલ બનાવતી ફેક્ટરીમાં લાગેલા CCTVમાં બે ચોર દેખાયા હતા. ફેક્ટરી માલિકે ચોરી અંગે પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પલસાણા પોલીસે CCTVના આધારે બંને તસ્કરોને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

## વિશેષ લેખ

### ચન્દ્રના દક્ષિણ ધ્રુવ પર "હિલિયમ-3" ગેસનો વિપુલ ભંડાર છે

# ચંદ્ર પર ૧૦ લાખ ટન હિલિયમ ગેસ છે પૃથ્વી કરતાં ૧૦ ગણી ઊર્જા ચંદ્ર પર છે

### અવકાશયાનમાં જે ૨૫ ટન હિલિયમનો જથ્થો લઈ જઈ શકાય તેટલો જથ્થો સમગ્ર અમેરિકાને એક વર્ષ વીજળી પૂરી પાડી શકે તેમ છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ



ચન્દ્રના દક્ષિણ ધ્રુવ પર "હિલિયમ-૩" ગેસનો વિપુલ ભંડાર છે. એની શોધ હાલ તો ચન્દ્રયાન -૩કરી રહ્યું છે. અત્યાર સુધી ચન્દ્રની બીજી બાજુ જ્યાં અબજો વર્ષોથી સૂર્ય પ્રકાશના કિરણો પહોંચ્યા નથી એવા અંધકારમય પ્રદેશમાં હિલિયમ -૩નો વિપુલ પ્રમાણમાં જથ્થો હોવાની સંભાવના છે.

આપણે જાણીએ છીએ કે પૃથ્વી પર હિલિયમ-૩ ખૂબ જ ઓછા પ્રમાણમાં એટલે કે દુર્લભ પ્રમાણમાં છે. જયારે ચંદ્રની ધરતી પર હિલિયમ-૩ પુષ્કળ પ્રમાણમાં છે. એમાંથી વીજળી ઉત્પન્ન કરી શકાશે. ચન્દ્રની ધરતી ઉપર દશ લાખ ટન હિલીયમ -૩ છે. જો હીલિયમ-૩નો બધો જથ્થો પૃથ્વી પર લઈ આવવામાં આવે તો એમાંથી તૈયાર થનાર વીજળી ૪૦,૦૦૦ વર્ષ સુધી ચાલી શકે એમ છે.

પૃથ્વી પર દુર્લભપ્રમાણ જોવા મળતાં હીલિયમ-૩ની બધા દેશોને જરૂર છે. યૂરોપીય સ્પેસ એજન્સી અનુસાર પરમાણુ ઊર્જામાં હીલિયમ-૩નો પણ ઉપયોગ કરવામાં આવી શકે છે. જેની ખાસિયત છે કે તે રેડિયોએક્ટીવ નથી હોતું, જેનાથી કોઈ જોખમ ઊભું થતું નથી. ઉપરાંત સ્માર્ટફોન, કમ્પ્યુટર, એડવાન્સ ટેકનોલોજી સાથે જોડાયેલ ખનિજ ચંદ્ર પર ઉપલબ્ધ છે. ચંદ્ર પર ભવિષ્યમાં ખનન કરીને ખનીજ મેળવી શકાય એમ છે

આજે પૃથ્વી પર ઊર્જાના વિવિધ સ્રોતો જેવા કે કોલસો, પેટ્રોલ, ડીઝલ, ગેસ જેવા ભંડારોનો જથ્થો ખૂટી જવા આવ્યોછે. ત્યારે ચંદ્રની ધરતી પરથી પૃથ્વી કરતાં દશ ગણી ઊર્જા મેળવીશકાય એટલો વિપુલ ભંડાર પડ્યો હોય એવું કોઈ તમને કહેતો તમે આનંદથી જરૂર ઝૂમી ઊઠો. હા, વાત ખોટી પણ નથી. સારા સમાચાર એ છે કે ચંદ્રની સપાટી પર ગેસના સ્રોત વ્યાપક સ્વરૂપે મળી આવ્યા છે. એ એટલા તો સક્ષમ અને લાભકારકછે કે પૃથ્વીના પેટાળમાં ધરબાયેલ ગેસનો ભંડાર ખૂટી પડે ત્યારે ઊર્જાની ભારે માંગ અહીંથી પૂરી કરી શકાશે. વિજ્ઞાનીઓએ દાવો કર્યો છે કે ચંદ્રની ધરતી પરથી ખનિજના જે નમૂનાઓ લાવવામાં આવ્યા છે તેમાં "હિલિયમ-૩" ગેસની વિપુલ માત્રા છે. આ ગેસ સામાન્ય રીતેરેફ્રીજરેટર, લેસર અને બલૂન ઉડાડવાના ઉપયોગમાં લેવાયછે. અમેરિકન પ્લેનેટરી જીઓસાન્સીસ ઈન્સ્ટિટ્યૂટ, ડિપાર્ટમેન્ટ ઑફ અને પ્લેનેટરી સાયન્સીસના ડિરેક્ટરે જણાવ્યું હતું તે મુજબ પૃથ્વી સાથે જ્યારે તુલના કરીએ ત્યારે જણાય છે કે ચંદ્ર પર હિલિયમ-૩ વિપુલ જથ્થામાં છે.હિલિયમ-૩ને જ્યારે હાઈડ્રોજનના આઈસોટોપ-ડ્યુટેરિયમ સાથે મિશ્ર કરીએ ત્યારે પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થઈ શકે છે. વધુમાં અવકાશયાનમાં જે ૨૫ ટન હિલિયમનો જથ્થો લઈ જઈ શકાય તેટલો જથ્થો સમગ્ર અમેરિકાને એક વર્ષ વીજળી પૂરી પાડી શકે તેમ છે. ચંદ્રની સપાટી પર સૌર પવનને કારણે જમા થયેલ હિલિયમ-૩ ચંદ્રની માટી અને ખડકોથી અલગ તારવવા તેને ૧૪૦૦ ડિગ્રી ફેરનહાઈટ એટલે કે ૮૦૦ ડિગ્રી સેલ્સિયસ પર ગરમ કરવા પડે. ૨૦ કરોડ ટન ચંદ્રની માટીના જથ્થામાંથી એક ટન હિલિયમ મળે. પૃથ્વી પર હવે માત્ર ૧૦ કિલો જ હિલિયમ બચ્યો છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે અબ્દુલ કલામ ના જણાવ્યા અનુસાર ચંદ્ર પર ૧૦ લાખ ટન હિલિયમ ગૅસ છે. પૃથ્વી કરતાં ૧૦ ગણી ઊર્જા ચંદ્ર પર છે. ચંદ્રના વિશાળ ક્ષેત્રપરથી એક લાખ મેગાવોટ વિદ્યુત ઉત્પન્ન કરી સૌર ઊર્જા દ્વારા તેને પૃથ્વી પર લાવી શકાય તેમ છે. ડૉ. કલામના જણાવ્યા અનુસાર 'ચંદ્ર ભૂવિજ્ઞાન અને ખનિજ, ચંદ્ર પર દૂરસંચાર, ચંદ્ર પરિધિની અધ્યયન સહિતની અનેક બાબતો પર હજુ પૂરી જાણકારી નથી. એ ઉપરાંત ચંદ્રની ધરતીમાં લોખંડ, કેલ્શિયમ તથા એલ્યુમિનિયમ તથા મેગ્નેશિયમ પણ પ્રચુર માત્રામાં છે. મિનરલ સેમ્પલ પરથી જણાઈ આવ્યું છે કે હિલિયમ-૩ ગૅસ ચંદ્ર પર વિપુલ માત્રામાં છે. જ્યારે હિલિયમ-૩ ડ્યુટેટિયમસાથે સંયોજાય છે ત્યારે તેના પ્રતિભાવરૂપે ઊંચું તાપમાન સર્જાય છે. અને પ્રચુર માત્રામાં ઊર્જા પેદા થાય છે.

જોકે હિલિયમ-૩નું ઊર્જામાં રૂપાંતર કરવા માટેની રીએક્ટર ટેક્નોલોજી હજી પ્રારંભિક તબક્કેછે. તેને વિકસાવતાં ઘણો સમય લાગી જશે. હાલમાં લેબોરેટરીના સ્તરે આવા પ્રયોગો થઈ રહ્યા છે. રિએક્ટર બાંધવાની ટેક્નોલોજી વિકસે એ દરમિયાન ચંદ્રના ભૂતળમાં કયા ખનિજો અને હિલિયમ-૩ ગૅસ ક્યાં છે, તેની જાણકારી મળી રહી છે જોકે આજે નહિ તો કાલે પૃથ્વી પર ખૂટતા જતા ઊર્જાના સ્રોતનાવિકલ્પ સ્વરૂપે સૌર ઊર્જા મારફતે પૃથ્વી પર હિલિયમ-૩ ગૅસ લાવી ઊર્જા પૂરી પાડવાનું સ્વપ્ન સાકાર જરૂર થશે એમાં બે મત નથી. હવે આપણે પૃથ્વી પર કેટલો હિલિયમનો જથ્થો છે એની વાત કરીએ તો પૃથ્વીના દ્રવ્યમાં હિલિયમનો અલ્પ અંશ જ મોજૂદ છે, પણ વિશ્વમાં તે અતિ સામાન્ય તત્વો પૈકીનું એક છે.દુનિયાનો મોટા ભાગનો હિલિયમનો જથ્થો યુ.એસ.નાં કુદરતી વાયુક્ષેત્રોમાંથી મળી આવે છે. યુ.એસ.નાં ટૅક્સાસ, કૅન્સાસ, કૉલોરાડો, ઓક્લાહામા, ન્યૂ મેક્સિકો, એરિઝોના વગેરે રાજ્યોમાંથી તે મળે છે. આ ઉપરાંત કૅનેડા તથા પોલૅન્ડ, સહરા, દક્ષિણ આફ્રિકા અને તત્કાલીન સોવિયેત સંઘમાંથી પણ હિલિયમ મળી આવેલ છે. યુ.એસ.માં ૧૯૯૩માં ૯.૯ કરોડ ઘન મીટર જેટલા વાયુનું ઉત્પાદન થયું હતું.

સૂર્ય અને અન્ય તારાઓ મુખ્યત્વે હાઈડ્રોજન અને હિલિયમ તત્વો ધરાવે છે. હાઈડ્રોજન પરમાણુઓ જ્યારે સંગલિત થઈ હિલિયમ પરમાણુ બનાવે ત્યારે વિપુલ માત્રામાં ઊર્જા ઉત્પન્ન થાય છે. સૂર્ય અને તારાઓની ઊર્જાનું રહસ્ય આ છે. આ જ પ્રવિધિને કારણે હાઈડ્રોજન બૉમ્બને તેની ઊર્જા મળે છે. પૃથ્વી ઉપર હિલિયમ કુદરતી વાયુના નિક્ષેપો (deposits) તથા વાતાવરણમાં મળી આવે છે. હલકો હોવાને લીધે તે વાતાવરણમાંથી સતત છટકી જઈ અવકાશમાં જતો રહે છે; પણ આ રીતે ઉદભવતી તેની ઘટ આલ્ફા-કણો (હિલિયમ નાભિકો He2) છોડતી વિકિરણધર્મી ખનિજો પુનઃસ્થાપિત કરે છે, કારણ કે પ્રત્યેક આલ્ફા-કણ બે ઈલેક્ટ્રૉનને ગ્રહણ કરી લઈ સંપૂર્ણ હિલિયમ પરમાણુ બનાવે છે. હિલિયમ રંગ, ગંધ અને સ્વાદ વિનાનો અદહનશીલ વાયુ છે. પાણીમાં તે અત્યંત ઓછો દ્રાવ્ય, જ્યારે આલ્કોહૉલમાં અદ્રાવ્ય છે. ઘન પદાર્થોમાં તેના વિસરણનો વેગ હવા કરતાં ત્રણ ગણો હોય છે. તે શ્વાસરોધક વાયુ છે. હિલિયમ અજ્વલનશીલ હોવાથી અગાઉ તે હવાઈ જહાજોમાં હાઈડ્રોજનની જગાએ વપરાતો હતો; પણ હવે તે મોસમવિજ્ઞાન માટેનાં બલૂનોમાં ઉપયોગમાં લેવાય છે. તેનો મુખ્ય ઉપયોગ પ્રમોચન વાહનોમાં અને રૉકેટોમાં થાય છે. ઉડ્ડયન દરમિયાન રૉકેટની ઈંધન ટાંકીમાં યોગ્ય દબાણ જાળવી રાખવું પડે છે. હિલિયમ દબાણ પેદા કરી ઈંધનને રૉકેટની પમ્પિંગ પ્રણાલીમાં ધકેલે છે અને પોતે ઈંધન તથા ઉપચયનકારકોનું સ્થાન લે છે. પ્રવાહી હાઈડ્રોજનને ઈંધણ તરીકે વાપરતાં અવકાશયાનોને ઠંડાં રાખવા પણ હિલિયમ વપરાય છે. આને લીધે એન્જિનની ક્ષમતા વધે છે.

ઉદ્યોગોમાં તેનો સૌથી વધુ ઉપયોગ મૅગ્નેશિયમ, ટાઈટેનિયમ, ઍલ્યુમિનિયમ, સ્ટેનલેસ સ્ટીલ જેવી ધાતુઓના હિલિ-ચાપ વેલ્ડિંગમાં થાય છે. નિષ્ક્રિય હિલિયમ હવામાંના ઑક્સિજનને ધાતુ સુધી પહોંચતો અટકાવે છે. આને લીધે ધાતુ સળગી જતી નથી કે તેનું ક્ષારણ થતું નથી. સંગ્રહ કે પરિવહન દરમિયાન રસાયણો અન્ય તત્વો સાથે પ્રક્રિયા ન કરે તે માટે પણ હિલિયમ વપરાય છે. ચુંબકીય સંસ્પંદન પ્રતિબિંબનમાં પણ તેનો ઉપયોગ થાય છે. દમના વ્યાધિવાળા અથવા શ્વાસોચ્છવાસની તકલીફવાળા દર્દીઓને ઑક્સિજન અને હિલિયમનું મિશ્રણ અપાય છે. હવામાંના નાઈટ્રોજન કરતાં હિલિયમના અણુઓ હલકા હોઈ મિશ્રણ ફેફસાંમાં સરળતાથી જઈ શકે છે. પાણીમાં દરિયામાં (૩૦ મી. કરતાં વધુ) ઊંડે ડૂબકી મારનારા મરજીવા (divers) સંશ્લેષિત શ્વસનવાયુ રૂપે પણ હિલિયમ અને ઑક્સિજનનું મિશ્રણ શ્વાસમાં લે છે. નાઈટ્રોજનની સરખામણીમાં હિલિયમની લોહીમાં દ્રાવ્યતા ઓછી હોવાથી તે વિવાતન ઓછું કરે છે.

**ન્યૂઝ બ્રિફ**

## સોનાનો ભંડાર ધરાવતા દેશોની યાદીમાં ઈટાલીનું નામ ત્રીજા નંબરે

। નવી દિલ્હી, તા.૨૮ ।

વિશ્વમાં ટોપ-૫ ગોલ્ડ રિઝર્વ ધરાવતા દેશોની યાદીમાં અમેરિકાનું નામ પ્રથમ આવે છે. અમેરિકા પાસે વિશ્વમાં સૌથી વધુ ૮ હજાર ૧૩૩ મેટ્રિક ટન સોનાનો ભંડાર છે. ગોલ્ડ રિઝર્વના સંદર્ભમાં, બીજા યુરોપિયન દેશ જર્મનીથી આવે છે. જર્મની પાસે ૩ હજાર ૩૫૫ મેટ્રિક ટન સોનું રિઝર્વમાં રાખવામાં આવ્યું છે. જોકે. અર્થતંત્રની બાબતમાં ઘણા દેશો જર્મની કરતા આગળ છે. વિશ્વમાં સૌથી વધુ સોનાનો ભંડાર ધરાવતા દેશોની યાદીમાં ઈટાલીનું નામ ત્રીજા નંબરે આવે છે. ઈટાલી પાસે ૨ હજાર ૪૫૨ મેટ્રિક ટન સોનું ગોલ્ડ રિઝર્વ તરીકે સુરક્ષિત છે. યુરોપિયન દેશ ફ્રાન્સનું નામ પણ સૌથી વધુ ગોલ્ડ રિઝર્વ ધરાવતા દેશોમાં ચોથા નંબરે આવે છે. ફ્રાન્સમાં ગોલ્ડ રિઝર્વ તરીકે ૨૪૩૭ મેટ્રિક ટન સોનું છે. આ યાદીમાં ટોપ-૫માં બ્રિટન જેવા દેશનું નામ નથી. ગોલ્ડ રિઝર્વના મામલામાં પાંચમો નંબર રશિયાનો આવે છે, રશિયા પાસે ૨૩૩૦ મેટ્રિક ટન ગોલ્ડ રિઝર્વ છે. આ યાદીમાં ચીનનું નામ ૨૧૧૩ ટન સોના સાથે છઠ્ઠા નંબર પર આવે છે. તે જ સમયે, આ યાદીમાં ભારતનું નામ ઘણું પાછળથી આવે છે. ભારત ૭૮૭ એમટી ગોલ્ડ રિઝર્વ સાથે ૯મા નંબરે છે.

### ગ્રીન કાર્ડ ફટાફટ મળશે, ઈબી-૫ વિઝામાં તમારે કોઈ ચોક્કસ એમ્પ્લોયર પાસે કામ કરવું પડતું નથી

# H-1B વિઝાધારકની નોકરી જાય ત્યાર પછી તેણે ૬૦ દિવસની અંદર નવી જોબ શોધવી પડે છે

### રોકાણકારો એ TEAમાં મૂડી રોકી હોય તો ઈં૧.૮ મિલિયનનું રોકાણ કરીને પણ લાયક બની શકે છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

અમેરિકાની આઈટી કંપનીઓમાં અત્યારે ઉથલપાથલની સ્થિતિ ચાલે છે જેની કારણે કેટલીક કંપનીઓમાં નવો સ્ટાફ લેવાય છે અને તેની સાથે સાથે અનુભવીઓની છટણી પણ થાય છે. તેના કારણે ભારતથી અમેરિકા ગયેલા H -1B વિઝાધારકો માટે મુંઝવણની સ્થિતિ છે. અમેરિકામાં કામ કરવા અને વસવાટ કરવા માગતા ભારતીયોમાં H -1B વિઝાની સારી ડિમાન્ડ હોય છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં સમાપ્ત થયેલા વર્ષમાં કુલ ચાર લાખથી વધારે H -1B વિઝા ઈશ્યૂ થયા હતા તેમાં એકલા ભારતીયોનો ૭૪ ટકા હિસ્સો હતો. જોકે, ત્યાર પછી અનેક સેક્ટરમાંથી જોબ ઓછી થઈ છે જેના કારણે H -1B વિઝાધારકોની છટણી કરવામાં આવી છે. આવા લોકો માટે EB-5 વિઝા એક સારો વિકલ્પ સાબિત થયો છે. H -1B વિઝાધારકની નોકરી જાય ત્યાર પછી તેણે ૬૦ દિવસની અંદર નવી કંપનીમાં જોબ શોધી લેવાની હોય છે. જો તેઓ આટલા દિવસમાં જોબ શોધી ન શકે તો તેમણે અમેરિકા છોડવાની ફરજ પડે છે. H -1B વિઝાને લગતા ઘણા પ્રશ્નો છે જેમ કે તેનો વાર્ષિક ક્વોટા બહુ મર્યાદિત છે, લોટરી સિસ્ટમ લાગુ થાય છે, તેમાં બહુ ભારે



કોમ્પિટિશન ચાલે છે, પોલિસીમાં ચેન્જ થતો રહે છે અને વિઝાના પ્રોસેસિંગમાં પણ વિલંબ થાય છે. આવા લોકો માટે ઈબી-૫ વિઝા ઘણો સારો વિકલ્પ છે. તેના હેઠળ ગ્રીન કાર્ડ પણ મળી જાય છે. EB-5ને ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર વિઝા પ્રોગ્રામ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં એચ-૧બીની તુલનામાં અનિશ્ચિતતાનું પ્રમાણ ઓછું હોય છે. આ વિઝા અમેરિકન સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ દ્વારા આપવામાં આવે છે અને તે અમેરિકામાં કાયમી વસવાટનો માર્ગ ખોલી આપે છે. EB-5 વિઝા માટે ક્વોલિફાય થવા માટે રોકાણકારોએ માન્યતા ધરાવતા કોમર્શિયલ સાહસમાં ઓછામાં ઓછા ૯ લાખ ડોલરનું રોકાણ કરવું આવશ્યક છે. રોકાણકારો એ TEAમાં મૂડી રોકી હોય તો ઈં૧.૮ મિલિયનનું રોકાણ કરીને પણ લાયક બની શકે છે. એચ-૧બી વિઝામાં તમને એમ્પ્લોયરની સ્પોન્સરશિપની જરૂર પડે છે જ્યારે ઈબી-૫ વિઝામાં તમારે કોઈ ચોક્કસ એમ્પ્લોયર પાસે કામ કરવું પડતું નથી. તેના બદલે તમે જેમાં કારકિર્દી આગળ વધારવા માગો તેમાં આગળ જઈ શકો છો. EB-5 બીજી ઘણી રીતે એચ-૧બી વિઝા કરતા ફાયદાકારક છે. તેમાં તમને અમેરિકામાં ગમે ત્યાં વસવાટ કરવાની અને કામ કરવાની તક મળે છે. યુએસમાં એચ-૧બી વિઝા પર કામ કરતા લોકો EB-5 સ્ટેટસ માટે અરજી કરી શકે છે.

### ગામમાં લોકો એકબીજાના નામ નથી લેતા

## મહિલાઓ પુરુષોને સીટી મારીને બોલાવે છે!

। નવી દિલ્હી, તા.૨૮ ।

કોઈ પણ માણસની ઓળખાણ તેના નામથી થાય છે. દુનિયાના કોઈ પણ ખૂણે જતાં રહો, દરેક શખ્સનું પોતાનું અલગ નામ હોય છે. આ નામ તેની ઓળખાણ હોય છે. પેદા થયા બાદ ઘરવાળા પોતાના બાળકનું સૌથી પહેલા નામકરણ કરે છે. આ નામથી તે બાકીની ભીડથી અલગ થાય છે. પણ શું આપ જાણો છો કે ભારતમાં એક એવું પણ ગામ છે, જ્યાં લોકોનું નામ લેવામાં આવતું નથી. જી હાં અહીં આપ કોઈને નામથી બોલાવી શકતા નથી. હવે આપ વિચારી રહ્યા હશો કે જો નામ નથી લેવાનું તો કોઈને બોલાવવા



કેવી રીતે? તેના માટે આપને સીટી વગાડતા આવડવું જોઈએ. આ ગામમાં સૌ કોઈની સીટી વગાડીને બોલાવવામાં આવે છે. સૌ કોઈ માટે અલગ ટ્યૂનની સીટી છે. એટલે કે અહીં જેટલા પણ લોકો છે, એટલા પ્રકારની સીટી વગાડવામાં આવે છે. જો કે, કાગળ પર લખવામાં આવતા દરેક શખ્સનું એક નોર્મલ નામ પણ છે. પણ બોલાવવામાં માટે સીટી વગાડવામાં આવે છે.

### IAS નિયાઝ ખાને કહ્યું

## કપિલ બ્રાહ્મણોનું અપમાન કરે છે, નાગા સાધુઓ પર કરે છે રિસર્ચ

### ભારત ૮૦ ટકા હિંદુઓનો દેશ છે અને રાજકીય પક્ષો પણ તેમનું પ્રતિનિધિત્વ કરે છે : IAS નિયાઝ ખાન

। નવી દિલ્હી, તા.૨૮ ।

બ્રાહ્મણ ધ ગ્રેટ પુસ્તકના લેખક અને મધ્યપ્રદેશના પ્રખ્યાત IAS નિયાઝ ખાન ફરી એકવાર સમાચારમાં ચમક્યા છે. આ વખતે તેનો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલો ફોટો લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. તેણે કપિલ શર્મા શોનો સ્ક્રીન શોટ શેર કર્યો છે. આ સ્ક્રીન શોટ સાથે તેણે એક સવાલ પણ ઉઠાવ્યો છે. તેણે લખ્યું છે કે, ‘આ કપિલ



શર્માના શોનો સ્ક્રીન શોટ છે, જેમાં માથાની ચોટીને લોકોને હસાવવા માટે ઊભી સ્થિતિમાં બતાવવામાં આવી છે. બ્રાહ્મણો માટે ચોટી રાખવી એ વૈદિક ધર્મ છે, પરંતુ ફિલ્મી દુનિયામાં ચોટીનો ઉપયોગ મજાક તરીકે કરવામાં આવે છે. આ પ્રકારે તુચ્છતાની તમામ હદો વટાવી દેવામાં આવી છે. કોઈ બ્રાહ્મણે વિરોધ કર્યો નહિ. તો બીજી તરફ IAS ખાને પણ પોતાના ચાહકો માટે એક નવો સંદેશ જાહેર કર્યો છે. તેમણે કહ્યું છે કે મિત્રો, મેં અગાઉ બ્રાહ્મણ ધ ગ્રેટ ભાગ ૨ લખવાની જાહેરાત કરી હતી, પરંતુ હાલમાં ભાગ ૨ ને બદલે મેં સનાતનને કેન્દ્ર સ્થાને રાખીને કલિયુગ વિરુદ્ધ યુદ્ધ લખવાનું શરૂ કર્યું છે.

### હવે માત્ર ૧૫ હજાર આપવા તૈયાર

## કસ્ટમે પ્રવાસી પાસેથી ૬૦ લાખ રૂપિયાનું સોનું જપ્ત કર્યું

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતમાં કસ્ટમ્સના કાયદાની આંટીઘૂંટી એવી છે કે સામાન્ય માણસ તેમાં ફસાઈ જાય તો ક્યાંયનો નથી રહેતો. વિદેશથી એક કિલો ગોલ્ડ લઈને આવેલા એક ગુજરાતીએ એરપોર્ટ પર પોતાની પાસેનું ગોલ્ડ ડિકલેર કરી દીધું છતાં કસ્ટમ્સે તેને જપ્ત કરી લીધું અને હવે ૬૦ લાખના સોનાના બદલામાં માત્ર ૧૫,૮૦૦ રૂપિયા ઓફર કરે છે કારણ કે ગોલ્ડ બાર તો ટંકશાળમાં મોકલી દીધું છે. આવી આશ્ચર્યજનક ઘટના રાજકોટના વતની જસપાલ સિંહ તોમર સાથે બની છે. ૨૦૨૦માં તેઓ પોતાની બહેનના લગ્ન માટે



દુબઈથી આવ્યા ત્યારે પોતાની સાથે એક કિલોનો ગોલ્ડ બાર લાવ્યા હતા. તે સમયે તે સોનાની કિંમત ૪૧ લાખ રૂપિયા હતી. કસ્ટમે સોનું જપ્ત કરીને મિન્ટ એટલે કે ટંકશાળમાં મોકલી દીધું હતું. તે ઘટનાના ત્રણ વર્ષ પછી કસ્ટમ વિભાગ માત્ર ૧૫,૮૦૦ રૂપિયાની ઓફર કરે છે અને જસપાલ સિંહ તોમર કસ્ટમ સામે કોર્ટમાં કેસ લડી રહ્યા છે.

### મકાનોમાં ભેજ સામે રક્ષણ માટેની વિશેષ પહેલ

## એશિયન પેઈન્ટ્સનું સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્ટ્રીમ લોન્ચ

### હાઇડ્રોલોક એક્સટ્રીમ તીવ્ર વોટરપ્રૂફીંગની સમસ્યાઓ ભેજ અને એફ્લરેસન્સ સામે રક્ષણ પ્રદાન કરે છે

। મુંબઈ, તા.૨૮ ।

હવે પાણીના લીકેજને વિદાય આપો કેમ કે એશિયન પેઈન્ટ્સ ‘સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્ટ્રીમસાથે એકશનમાં આવી ગઈ છે, જે બ્રાન્ડ એમ્બેસેડર રણબીર કપૂર અને પીવી સિંધુ સાથે ઈન્ટેરિયર વોટરપ્રૂફીંગ માટેનો અંતિમ ઉકેલ છે. કાર્યરત ફીચર્સની રેન્જ સાથે હાઈડ્રોલોક એક્સટ્રીમ તીવ્ર વોટરપ્રૂફીંગની સમસ્યાઓ જેમ કે ભેજ અને એફ્લરેસન્સ સામે અતુલનીય રક્ષણ પ્રદાન કરે છે.સ્માર્ટકેર





હાઈડ્રોલોક એક્સટ્રીમ લગાવવામાં સરળ એવું ઈન્ટેરિયર વોટરપ્રૂફીંગ ઉકેલ છે જેની ડિઝાઈન દરેક વોટરપ્રૂફીંગ જરૂરિયાત પર પ્રયત્નો વિના લગાવી શકાય તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે. સમગ્ર દેશમાં પ્રવર્તી રહેલી આત્યંતિક હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, એશિયન પેઈન્ટ્સ ઘરમાલિકોને ભેજ અને એફ્લરેસન્સ જેવી ગંભીર વોટરપ્રૂફિંગ સમસ્યાઓ માટે અનુકૂળ અને અસરકારક ઉકેલ પૂરો પાડવા માટે આગળ વધે છે. પરંપરાગત પદ્ધતિઓથી વિપરીત જેમાં પ્લાસ્ટરના તૂટવા અને વ્યાપક સિવિલ વર્કનો સમાવેશ થાય છે, હાઈડ્રોલોક એક્સ્ટ્રીમ સીધા પ્લાસ્ટર સ્તરે લાગુ કરી શકાય છે, બીના તોડ ફોડ એક મુશ્કેલી-મુક્ત અનુભવ અને ખૂબ જ જરૂરી મનની શાંતિ સુનિશ્ચિત કરે છે.

### ઘાસચારા કૌભાડ મામલે કોર્ટે નિર્ણય સંભળાવ્યો

## ઘાસચાર કૌભાંડમાં સાક્ષીના અભાવે ૩૫ મુક્ત, ૫૩ને ૩ વર્ષની સજા

। રાંચી, તા.૨૮ ।

ડોરંડા કોષાગાર સાથે સબંધિત ‘ઘાસચારા કૌભાડ’ મામલે રાંચીમાં સીબીઆઈની વિશેષ કોર્ટે પોતાનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે આ મામલે સાક્ષીના અભાવમાં ૩૫ લોકોને મુક્ત કર્યા છે. કોર્ટે આ મામલે ૫૩ લોકોને ૩ વર્ષની સજા સંભળાવી છે. અન્ય આરોપીઓ પર સુનાવણી ચાલુ છે. આ મામલે ૩૬ આરોપીઓને ૧ સપ્ટેમ્બરના રોજ સજા સંભળાવવામાં આવશે. આ મામલે કુલ ૧૨૪ આરોપીઓ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. આજે આપેલા ચુકાદામાં પૂર્વ ધારાસભ્ય ગુલશન અજવાનીને ૩ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. રાજદ સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ સાથે સબંધિત ‘ઘાસચારા કૌભાડ’ના પાંચ કેસ સહિત કુલ ૫૩ મામલાની સુનાવણી સીબીઆઈકોર્ટમાં પૂરી કરી દેવામાં આવી છે. ૫૨ કેસમાં કોર્ટ પૂર્વમાં પોતાનો નિર્ણય આપી ચૂકી છે. ડોરંડા કોષાગાર મામલે ૨૭ વર્ષોથી સુનાવણી ચાલી રહી છે. આ મામલે ૬૧૬ સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે.

### ૮૩ અભ્યાસોની સમીક્ષાના આધારે

## પતંગીયાની સંખ્યા ઘટાડવા માટે માનવ પ્રવૃત્તિઓ જવાબદાર

### વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે, યુરોપ અને ઉત્તર અમેરિકામાં મૂળભૂત રીતે જંતુઓની સંખ્યામાં ઘટાડો થયો છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

પતંગીયાઓનો આપણા પર્યાવરણ સાથે સાથે માણસોના અસ્તિત્વ સાથે પણ ઊંડો સંબંધ હોય છે. તેમની વસ્તી અને વિવિધતામાં થતા ફેરફારો સમગ્ર વિશ્વના પર્યાવરણને અસર કરે છે. જર્મનીના એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે, યુરોપ અને વિશ્વના અન્ય ઘણા વિસ્તારોમાં શલભની સંખ્યામાં ઝડપથી ઘટાડો થયો છે, અને તેમાંથી મોટા ભાગના જંતુઓના રહેઠાણને અસર કરતી માનવ



પ્રવૃત્તિઓ માટે સીધી રીતે જવાબદાર છે. સંશોધનમાં ૮૨ અગાઉના અપ્રકાશિત અભ્યાસોની સમીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં જંતુઓના બે જૂથોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તાજેતરના વર્ષોમાં, આ વિસ્તારોમાં જંતુઓની વિપુલતા અને વિવિધતામાં ઘટાડો ચિંતાજનક બની ગયો છે. જર્મનીની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોસિસ્ટમ એનાલિસિસ એન્ડ એસેસમેન્ટના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોની ટીમે આ અભ્યાસમાં શોધી કાઢ્યું છે કે, વસ્તીમાં ઘટાડો થવાનો આ વલણ ખૂબ જ જટિલ છે. કારણ કે કેટલીક પ્રજાતિઓ ઘટવાને કારણે બીજી કેટલીક પ્રજાતિઓને સ્પર્ધાનો લાભ મળ્યો અને તેમની વસ્તી વધી છે. જ્યારે ઉણપના કારણો ઘણા હતા, પરંતુ સ્પષ્ટ ન હતા.






ગુરુગ્રામના ગમરોજ ટોલ પ્લાઝા પર, પ્રદેશમાં હિંસાના અઠવાડિયા પછી, નૂહમાં નીકળનારી હિન્દુ સંગઠનોની રેલી પહેલા પોલીસ કર્મચારીઓ વાહનોની તપાસ કરે છે.

### ઈન્ડિયાના સંયોજક પદને લઈને ચર્ચા

## અંગત રીતે કંઈ નથી જોઈતું, મારું કામ બધાને એક કરવાનું : નીતિશ

। પટના, તા.૨૮ ।

ભારતમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે વિપક્ષી પાર્ટીઓનું મહાગઠબંધન ઈન્ડિયાસતત ચર્ચામાં છે. આ ચર્ચાનું મુખ્ય કારણ આ મહાગઠબંધનના સંયોજકનું પદ છે. મહાગઠબંધનની રચના થઈ ત્યારથી જ એવી અટકળો ચાલી રહી હતી કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને આ મહાગઠબંધનના સંયોજક બનાવવમાં



આવી શકે છે, જો કે આ અટકળો વચ્ચે નીતિશ કુમારે પૂર્ણવિરામ મુક્તા કહ્યું હતું કે હું આ મહાગઠબંધનનો કન્વીનર બનવા માંગતો નથી. સીએમ નીતિશ કુમારે કહ્યું કે અન્ય નેતાને કન્વીનર બનાવવામાં આવશે. આ સિવાય સીએમ નીતિશે વધુમાં કહ્યું કે મારે અંગત રીતે કંઈ જોઈતું નથી, મારું કામ માત્ર બધાને એક કરવાનું છે. આ ઉપરાંત બિહારના નાયબ મુખ્યમંત્રી જ્યારે ઈન્ડિયાગઠબંધનના સંયોજક કોણ બનશે? એવું પૂછવામાં આવ્યું તો તેમણે સીધું કોઈનું નામ પણ ન લીધું અને કહ્યું કે મુંબઈની બેઠકમાં બધા લોકો સાથે બેસીને આ અંગે નિર્ણય લેશે.

## કેનેડામાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા નવો રેકોર્ડ બનાવી રહી છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

કેનેડા ઉચ્ચ અભ્યાસ માટે જઈ રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે અને તેમાં પણ ભારતીયો સૌથી આગળ છે. કેનેડામાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા નવો રેકોર્ડ બનાવી રહી છે ત્યારે તેમાં ખોટી માહિતી આપીને કે સિસ્ટમ સાથે ચેડા કરનારા લોકોથી કેનેડા પરેશાન છે. તેના કારણે હવે ઈમિગ્રન્ટ્સની આકરી ચકાસણી કરવાનો નિર્ણય લેવાયો છે તેથી તાજેતરમાં પંજાબના ૭૦૦ વિદ્યાર્થીઓ સાથે જે ઘટના બની હતી તે ફરીથી ન બને. હાલમાં ભારત સહિતના તમામ દેશોમાંથી મોટી સંખ્યામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ કેનેડા જઈ રહ્યા છે. ૨૦૨૩ના પ્રથમ બે ક્વાર્ટરમાં ભારતીય વિદ્યાર્થીઓને લગભગ ૯૭ હજાર જેટલી પરમિટ ઈશ્યૂ થઈ હતી. ૨૦૨૨માં પણ આવી જ રીતે મોટી સંખ્યામાં સ્ટુડન્ટ કેનેડા ગયા હતા. ૨૦૨૨માં આખા વર્ષ દરમિયાન ૨.૨૬ લાખ ભારતીયોને સ્ટડી પરમિટ મળી હતી. એક તરફ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા વધતી જાય છે ત્યારે બીજી તરફ કેનેડાની ઈમિગ્રેશન સિસ્ટમમાં ચેડા કરીને અથવા ખોટા કાગળો આપીને વિઝા મેળવવામાં આવે છે તેવી ફરિયાદો પણ વધી છે. તેના કારણે જ તાજેતરમાં લગભગ ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને કેનેડાથી ડિપોર્ટ કરવામાં આવે તેવી નોબત આવી હતી.

## ફ્રાન્સની શાળાઓમાં વિદ્યાર્થીનીઓ અબાયા હવે નહી પહેરી શકે

### ફ્રાન્સના શિક્ષણ મંત્રી ગેબ્રિયલ અટ્ટલે TF1 ટેલિવિઝન સાથે અબાયા પર પ્રતિબંધ અંગે વાત કરી હતી

। નવી દિલ્હી, તા.૨૮ ।

ફ્રાન્સમાં મુસ્લિમ વિદ્યાર્થીનીઓ પર અબાયા ડ્રેસ પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે. કેટલીક મુસ્લિમ વિદ્યાર્થીનીઓ અબાયા પહેરીને શાળાઓમાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે ફ્રાન્સની શાળાઓમાં કડક ધર્મનિરપેક્ષ કાયદો અમલમાં છે. પરંતુ અબાયા પહેરીને શાળાએ આવવું એ આ કાયદાનું ઉલ્લંઘન છે. આ જ કારણ છે કે હવે આ ડ્રેસ પર પ્રતિબંધ લગાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. દેશના શિક્ષણ મંત્રી ગેબ્રિયલ અટલે પણ અબાયા ડ્રેસ પર પ્રતિબંધની પુષ્ટિ કરી છે. ફ્રાન્સના શિક્ષણ મંત્રી ગેબ્રિયલ અટ્ટલે TF1 ટેલિવિઝન સાથે અબાયા પર પ્રતિબંધ અંગે વાત કરી હતી. તેમણે કહ્યું કે ૪ સપ્ટેમ્બરથી દેશભરમાં શાળાઓ ફરી શરૂ થઈ રહી છે. પરંતુ તે પહેલા તમામ શાળાના વડાઓને રાષ્ટ્રીય સ્તરે સ્પષ્ટ નિયમો જણાવવામાં આવશે. સામાન્ય રીતે ફ્રાન્સમાં આ પ્રકારના નિર્ણયો બાદ ઘણો વિવાદ થયો છે. દેશની ૧૦ ટકા વસ્તી મુસ્લિમ છે. આવી સ્થિતિમાં આ વખતે પણ વિવાદનો ખતરો તોળાઈ રહ્યો છે. શિક્ષણ પ્રધાન ગેબ્રિયલ અટલે કહ્યું કે ધર્મનિરપેક્ષતાનો અર્થ છે શાળાઓ દ્વારા પોતાને મુક્ત કરવાની સ્વતંત્રતા. અબાયાને ધાર્મિક પોશાક ગણાવતા તેમણે કહ્યું કે તેને પહેરીને આવવું એ દેશના ધર્મનિરપેક્ષ કાયદાઓની કસોટી લેવા જેવું છે, જેને શાળાઓ પણ સ્વીકારે છે. તે આગળ કહે છે કે જલદી તમે વર્ગખંડમાં પ્રવેશ કરો છો ત્યારે એવું વાતાવરણ હોવું જોઈએ કે તમે વિદ્યાર્થીઓના ધર્મને જોઈને જ ઓળખી ન શકો. ફ્રાન્સની સરકારે આ પગલું એવા સમયે ઉઠાવ્યું છે.

## તંત્રી લેખ...

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઇ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઇને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઇ ગઇ છે. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઇ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઇ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઇ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઇ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજયપાલે કોઇ વાત ખોટી કરી નથી.

## ઓછી નીંદ બ્લડપ્રેશર માટે જવાબદાર

નીંદ અમારા માટે કેટલી અને કેમ જરૂરી છે અથવા તો તેનાથી અમારા બ્લડ પ્રેશર પર કોઇ અસર થાય છે કે કેમ તેને લઇને હાલમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. જે વિગત સપાટી પર આવી છે તેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ઓછી નીંદના કારણે બ્લડ પ્રેશર વધી શકે છે. પુરતા પ્રમાણમાં નીંદને લઇને તો વારંવાર અહેવાલ જારી કરવામાં આવે છે. નિષ્ણાંત તબીબો અને જાણકાર લોકો પણ આના માટેની સલાહ આપે છે. જો કે નીદ અને હાઇ બ્લડ પ્રેશરના સંબંધના મામલે પહેલા કોઇ વાત કરવામાં આવી ન હતી. સાઇકોસોમેટિક મેડિસીન જર્નલમાં પ્રકાશિત કરવામાં આવેલા નવા અભ્યાસ અને રિસર્ચમાં પણ ઓછી નીંદ અથવા તો નીંદની ગુણવત્તાને લઇને કેટલીક વાત કરવામાં આવી છે. નીંદની ગુણવત્તા ખરાબ થવાના કારણે ઉભી થનાર સમસ્યા અંગે વાત કરવામાં આવી છે. જેમાં સ્ટ્રોક, હાર્ટને લગતી તકલીફ અને હાર્ટની બિમારીના કારણે મોત જેવી બાબતોનો સમાવેશ થાય છે. અભ્યાસ મારફતે કહેવામાં આવ્યુ છે કે એવી કેટલીક બિમારી છે જેના સીધા સંબંધ નીંદની સાથે જોડાયેલા છે. નીંદના પ્રમાણને લઇને વારંવાર અભ્યાસના તારણ જારી કરવામાં આવે છે. કેટલીક વખત વિરોધાભાસ પણ રજૂ કરવામાં આવે છે. નીંદના કારણે બ્લડપ્રેશર કઇ રીતે કન્ટ્રોલ થાય છે તેના મામલે તારણ જારી કરવામાં આવ્યાછે. અભ્યાસના ગાળા દરમિયાન ટુકા ટુંકા ગાળામાં બ્લડ પ્રેશરની ચકાસણી કરવામાં આવી હતી. રિસર્ચ મારફતે કહેવામાં આવ્યુ કે એક રાત્રી ગાળા દરમિયાન જ પુરતી નીંદ કઇ રીતે બ્લડ પ્રેશરને અંકુશમાં લે છે. નીંદ અને બ્લડ પ્રેશર વચ્ચે સીધા સંબંધ રહેલા છે. આ જ કારણસર સારી નીંદનુ મહત્વ સમજી લેવામાં આવે તે જરૂરી છે. નીંદની પરેશાનીના કારણે લાંબા સમયથી પરેશાન લોકો માટે પણ કેટલીક બાબતો તરફ ધ્યાન આપવામાં આવ્યુ છે. નીંદના આરોગ્યને સુધારી દેવા માટે સીબીટીઇ થેરાપી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. જે ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા ઓસ્ટ્રેલિયન અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસ દરમિયાન બ્લેક ટી પીનાર લોકોને ઘણા ફાયદા થાય છે. તેમના બ્લડપ્રેશરને આંશિક રીતે ઘટાડવામાં બ્લેક ટી ઉપયોગી સાબિત થાય છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે બ્લેક ટીની મજા માણતા લોકોને આરોગ્યની દષ્ટિએ પણ ફાયદા થાય છે. અલબત્ત અભ્યાસમાં ચોક્કસ ઘટકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સંશોધકોએ કહ્યું છે કે બ્લડપ્રેશરમાં બ્લેક ટી ઘટાડો કરે છે. સંશોધકોએ ભૂતકાળમાં કરવામાં આવેલા અભ્યાસને પણ તારણ નક્કી કરતી વેળા ધ્યાનમાં લીધા હતા. ચા જેવા પ્લાન્ટમાં રહેલા તત્વો હાર્ટના આરોગ્ય માટે પણ ઉપયોગી હોવાનું જાણવા મળ્યું છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના સંશોધકોના નેતૃત્વમાં એક ટીમે અભ્યાસ બાદ જણાવ્યું છે કે વ્યક્તિગતો માટે તારણો આદર્શ છે. આર્ચિવ ઓફ ઇન્ટરનલ મેડીસીનમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અભ્યાસ કરતી વેળા ૯૫થી વધુ ઓસ્ટ્રેલિયનોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. સામાન્ય બ્લડપ્રેશર ધરાવતા લોકો અને વધુ બ્લડપ્રેશર ધરાવતા લોકોને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. એ ગ્રૂપને બ્લેક ટી અને અન્ય ગ્રૂપને સરેરાશ ટેસ્ટ સાથે ચા આપવામાં આવી હતી. અભ્યાસની શરૂઆત કરતા પહેલાં બ્લડપ્રેશરની ચકાસણી કરી લેવામાં આવી હતી. ચકાસણી કરવામાં આવ્યા બાદ બે ગ્રૂપના લોકોને વિભાજિત કરી લેવામાં આવ્યા હતા. ૧૨૦/૮૦ એમએમ એચજીથી ઓછા બ્લડપ્રેશર રિડીંગને સામાન્ય તરીકે ગણવામાં આવે છે જ્યારે હાઈ બ્લડપ્રેશર રિડીંગ ૪૦/૯૦ અથવા તો તેનાથી ઉપરનું ગણવામાં આવે છે. સામાન્ય રીતે કહી શકાય છે કે પુરતા પ્રમાણમાં ઉંઘ અથવા તો નીંદ ન લેવાની સ્થિતીમાં અનેક બિમારીને આમંત્રણ મળે છે. જેમાં હાર્ટ સાથે સંબંધિત બિમારી પણ સામેલ છે.

# સુરભી નામની ગાય ઘોઘાથી સમુદ્રમાં તરીને ભંડારિયાના ડુંગરોમાં રાફડા પર પોતાના દૂધનો અભિષેક કરવા માટે જતી હતી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આ વખતે શ્રાવણના સરવડા લગભગ ક્યાંય વરસી રહ્યાં નથી અને ગરમી પણ જાણે ભાદરવો તપતો હોય એવી છે, અને અંદર બહારની તપ્ત ધરાને ઠારવા લોકો જુદી જુદી રીતે શ્રાવણે શંકરને આરાધિ રહ્યા છે. સમાજમાં એકબાજુ ઈશ્વર છે એવી દ્રઢ માન્યતા ધરાવતા લોકો છે, તો બીજીબાજુ આ બધી ભ્રામક્તા છે, અને ઈશ્વર જેવું કંઈ હોતું નથી, એવું કહેવા વાળાં છે. પણ છતાં રોજીંદા જીવનમાં નહીં તો આ રીતે મહિનો માસ હોય ત્યારે તો ઘણા ઈશ્વર ભક્ત ફૂટી નીકળે છે, જેને આપણે ત્યાં તક સાધુ ની ઉપ મા આપવામાં આવે છે. પણ એકંદરે શ્રાવણીય અનુષ્ઠાન ને કારણે લોકોની ઈશ્વર પ્રત્યેની આશાને આસ્થા વધી રહી છે, કે વરસાદ આવશે!! પણ મેઘ તાળી દઈ રહ્યો છે. આપણે ત્યાં મોટેભાગે શ્રાવણમાં જ વરસાદ વધુ થતો હોય છે એટલે શંકરની ભક્તિ જેટલી વધુ કરીશું, એટલી કુદરત મહેર કરશે, એવો પણ ભાવ બધાનો રહ્યો છે, કારણકે ખેતીલાયક વરસાદ તો હજી થયો જ નથી, શરૂઆત નો વરસાદ તો ઉલટાનું બધું ખેદાનમેદાન કરી ગયો. શિવાલયોમાં શ્રાવણમાં દિપાવલીના તહેવાર જેમ રોશની અને શણગાર કરવાની પણ આપણે ત્યાં પ્રથા છે. આ ઉપરાંત તીર્થસ્થાનોના શિવાલયમાં દર્શનનો લાભ પણ ભક્તો લેતા હોય છે. શ્રાવણિયા સોમવારે સોમનાથના દર્શન કરવાં, ત્રિવેણીમાં સ્નાન કરવું, કે પછી દરિયામાં સ્નાન કરવું, એવી આપણી જૂની પરંપરા પણ છે. એટલે ઘણા બધા શિવાલય નદી કિનારે તો દરિયાકિનારે પણ જોવા મળે છે. સોમનાથનું જ્યોતિર્લિંગ પણ દરિયાકિનારે છે ગોપનાથનું પણ દરિયાકિનારે છે. પરંતુ પર્વતોની વચ્ચે પણ શિવાલયો આવેલા છે, અને ઘણી જગ્યાએ તો કુદરતી નજારો એ રીતે જોવા મળે છે કે સ્વયં પર્વત શિવલિંગ હોય એવું દેખાય, અને એમાં પાછું ઝરણું પડતું હોય, એટલે જાણે અસ્તિત્વ તેનો અભિષેક થતો હોય, તો એવું જ લાગે. ભાવનગરથી ૨૬ કિલોમીટરના અંતરે આવેલી ભંડારિયાની ગિરિમાળાઓમાં આવેલું માળનાથ મહાદેવનું મંદિર પણ આવું જ એક અદ્ભુત સૌંદર્ય ધરાવે છે, અને તેની બાજુમાં જ ત્રંબકનો ધોધ પણ આવેલો છે તો આજે આપણે એના વિશે વાત કરીશું.

ભાવનગર શહેરથી ૨૬ કિમી દુર ભંડારિયા સ્થિત ખોખરાની ગિરિમાળામાં પ્રાકૃતિક સૌંદર્ય સોળે કલાએ ખીલી ઉઠ્યું છે.ચારે તરફ લીલી ચાદર પથરાયેલી જોવા મળે છે. આ પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે માળનાથ મહાદેવનું મંદિર.જે મંદિરે પહોચતા પહેલા લોકોને રમણીય અને લીલી ચાદર ઓઢેલા પહાડો પરના રસ્તા પરથી પસાર થવું પડે છે .આ મંદિરે પહોચતા પહેલા પહાડો અને રસ્તા પર પૌરાણિક વાવ પ્રાચીન પશુઓના અવેડા તેમજ ગિરિમાળા પર વીજળી ઉત્પાદન કરતી પવનચક્કીઓ નજરે પડે છે. આ ભંડારિયાની ગિરિમાળા પર ૨૦ જેટલી મહાકાય પવનચક્કીઓ પણ આવેલી છે, જે નજારો પણ દ્રશ્યને રમણીય બનાવે છે .માળનાથ મહાદેવનું મંદિર એક ટેકરી પર સ્થિત છે, એટલેકે ફરતે મોટા પહાડો અને વચ્ચે નાની ટેકરી પર બિરાજતા માળનાથ મહાદેવનો નજારો આલ્હાદક છે, માળનાથ પર્વતની ટેકરી પર આવેલું હોવાથી, અહીં દર્શન કરનાર લોકો કેદારનાથમાં દર્શન કરતાં હોય તેઓ એક અનુભવ પણ કરે છે.

આ માળનાથ મંદિરની સ્થાપના આજથી ૬૫૦ વર્ષ પૂર્વે કરવામાં આવી હતી .ઈ.સ.૧૩૫૪ માં એક વણિક પરિવારે આ મહાદેવની સ્થાપના કરી હતી, અને તેની લોકવાયકા અને ઈતિહાસ પણ એટલો રમણીય છે. માળનાથ મહાદેવનો ઈતિહાસ જોઈએ તો પ્રાચીન સમયમાં ઘોઘા નજીકના પીરમબેટ ટાપુ પર રહેતા એક વણિક શેઠ જે ખુબજ ધાર્મિક હતા. તેઓ ગૌમાતા પ્રત્યે ખુબ જ આસ્થા ધરાવતા હતાં, અને તેઓ પોતાની પાસે ખાસ ઉચ્ચ પ્રકારની ગૌમાતાઓ રાખતા હતાં ,અને આ ગાયોનું દૂધ ઘી બ્રાહ્મણને આપતા હતા. આ બધી ગાયોમાં એક વિશેષ ગાય હતી, તે ગાયનું નામ સુરભી હતું .આ ગાય માટીના રાફડા ઉપર દુધ આપતી હોવાની વાત છે જે બાદ ખ્યાલ આવતા ત્યા માળનાથ મહાદેવની સ્થાપના કરવામાં આવી.

લોકવાયકા મુજબ કહેવાય છે કે આ સુરભી નામની ગાય ઘોઘાથી સમુદ્રમાં તરીને ભંડારિયાના ડુંગરોમાં ચરવા માટે જતી હતી.આ ગાય રોજ ઘેર આવીને દૂધ આપતી નહિ .જેથી આ વણિક શેઠ તેના ગોવાળને ખીજાતા અને કહેતા કે તું ગાયને દોહી લે છે, જેથી ગાય અહી દૂધ આપતી નથી. જયારે આ બાબતનો ઠપકો રોજ ગોવાળે ને શેઠ તરફથી મળવા લાગ્યો, એટલે એણે કહ્યું કે હું ગાયને દોહી નથી લેતો પરંતુ હું તેની તપાસ કરી અને આપને જરૂર જણાવીશ.જેથી આ ગોવાળ અન્ય ગાયોને મૂકીને આ સુરભી ગાયની પાછળ તપાસમાં નીકળ્યો, અને એક દિવસ ગોવાળ પોતે ગાયનું પૂછડું પકડીને દરિયામાં તરીને ગાયની પાછળ ગયો, અને જોયું તો આ ગાય ભંડારિયાના ડુંગરોમાં આવેલા એક માટીના રાફડા પર પોતાના દૂધની ધારાથી અભિષેક કરતી જોવા મળી જેથી ગોવાળે પરત ફરીને આ સમગ્ર બાબતની જાણ વણિક શેઠને કરી .ગોવાળની વાત પરથી વણિક શેઠ ચોકી ઉઠ્યાં હતા, અને આ ગાય રાફડા પર અભિષેકની વાત તેના પરિવારને કરી, આખો પરિવાર આ ગાયની પાછળ નીકળ્યો હતો, અને જ્યાં આ ગાય અભિષેક કરતી હતી તે રાફડાને ડાંગથી ગોવાળને ખોદવા જણાવ્યું હતું.જેથી આ રાફડા માંથી. શિવ બાણ એટલેકે શિવલિંગને પૂજામાં મળેલા જોઈને, આ નગરશેઠે ત્યાં જ તેમની સ્થાપના કરી હતી.જે માળનાથ મહાદેવ તરીકે જાણીતું બન્યું છે .માળનાથ મહાદેવની સ્થાપના બાદ ઈ.સ ૧૯૪૩ ના આસો સુદ-૧૦ એટલેકે વિજયદસમીના દિવસે ૧૬ સપ્ટેમબરના રોજ ભાવનગરના મહારાજા નામદાર તખ્તસિંહજીએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ માળનાથના દર્શન કરવાથી શિવભકતો કેદારનાથમાં હોય તેવી લોકો અનુભૂતિ કરે છે અને ધન્યતા અનુભવે છે.

માળનાથ મહાદેવ ખુબજ નયનરમ્ય છે, અને તેની નજીકમાં ત્રંબકનો ધોધ પણ પડે છે. જે દ્રશ્ય ને વધુ આલ્હાદક બનાવે છે,માળનાથ એક અતિ પવિત્ર ધાર્મિક સ્થળ છે.પવિત્ર શ્રાવણ માસમાં અહી ભક્તોની ખુબજ ભીડ જોવા મળે છે.અને શ્રાવણ માસમાં શિવભકતો પાણી- દૂધ, બીલીપત્ર-શેરડીનો રસ-કાળા તલ જેવા વિવિધ દ્રવ્યો વડે શિવજીનું પૂજન અને અભિષેક કરે છે તેમજ અહી સવારમાં થતી દીપમાળનું ખુબજ મહત્વ રહેલું છે. આ દીપમાળમાં ૧૦૮ દીવા પ્રગટાવીને માળનાથ મહાદેવની આરતી કરવામાં આવે છે. આ દીપમાળ આરતીના દર્શન કરવાથી માનવીના સર્વ મનોરથ પૂર્ણ થાય છે. માળનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણમાસમાં શિવપૂજનની સાથે સાથેલઘુરુદ્ર-શિવકથા-મહાઆરતીનું આયોજન કરવામાં આવે છે, જયારે શ્રાવણમાસ દરમ્યાન લાખો શ્રદ્ધાળુઓ અહી દર્શન કરી ધન્યતા અનુભવે છે, અને પોતાનું જીવન સુખમય બને તેવી ભોલેનાથ પાસે પ્રાર્થના કરે છે.

આ મંદિરે જવા માટે પોતાના પ્રાઈવેટ વાહન ઉપરાંત એસટી નિગમની બસો, અને સ્કૂટર લઈને પણ લોકો જતા હોય છે. આ ઉપરાંત ભાવનગરથી છોટા હાથી અને છકડામાં બેસીને પણ આ મંદિરના દર્શને જઈ શકાય છે. ભાવનગરથી કોબડી પહોંચી અને ત્યાથી પણ આ મંદિરે જવાનો માર્ગ છે અને, ભંડારિયાથી પણ માર્ગ છે, પરંતુ મોટાભાગના લોકો કોબડી વાળાં માર્ગે જવાનું પસંદ કરતાં પણ જોવા મળે છે. આ ઉપરાંત આ મંદિરની ટેકરીએ પગપાળા દર્શન કરવા જવું પડે છે, પોતાના વાહન તળેટી સુધી જઈ શકે છે. મારગ ગમે તે હોઈ શકે, પરંતુ મંત્ર તો સૌના હૃદયમાં કલ્યાણનો જ હોવો જોઈએ, તો જ શિવને આરાધવાનો કે તેના દર્શનનો આપણને અધિકાર મળે છે, તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

## શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૩

# મહાબલ શિવલિંગનો મહિમા જોઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસમાં સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવનો મહીમા વર્ણવી રહયા છીએ ત્યારે આજે શ્રાવણ માસની ચૌદશને મંગળવાર શ્રાવણ માસમાં શિવ મહિમા- ૧૩માં મહાબલ શિવલિંગનો મહિમા જોઈએ.

પશ્ચિમ દિશામાં જે શિવલિંગો પૃથ્વી પર વિખ્યાત થયા છે, તેઓને તમે શાંતિથી સાંભળો. કપાલિ નગરીમાં આવેલા કાલેશ્વર અને રામેશ્વર નામના બે મહાદિવ્ય શિવલિંગોનાં દર્શનથી પાપકર્મનો પ્રભાવ દૂર થાય છે. પશ્ચિમ કિનારે ધર્મ,અર્થ તથા કામના પૂર્ણ કરનાર મહાસિદ્ધેશ્વર શિવલિંગ છે અને ત્યાં દરિયાતટે ગોકર્ણ નામે તીર્થ આવેલું છે.તેમાં કરોડો શિવ-લિંગો અને અસંખ્ય તીર્થો છે,તેનું પુરાણ માં ઘણું વર્ણન છે. તે સ્થળે રહેલા શંકર સત્યુગમાં ધોળા, ત્રેતાયુગમાં અતિશય લાલ,દ્વાપરયુગમાં પીળા તથા કલિયુગમાં કાળો રંગ ધારણ કરશે. સાતે પાતાળોનાં છિદ્રોને દબાવી દેનાર એ ભોળાનાથ અત્યંત બળવાન હોવાથી 'મહા બલ' કહેવાય છે, છતાં ઘોર કલિ યુગમાં એ કોમળતા પામશે. મહાપાપીઓ પણ મહાબલનું પૂજન કરી પાપ મુક્ત થઈ શિવપદ પ્રાપ્ત કરે છે અને શુદ્રો બને છે, તેમજ બ્રહ્માના સ્થાનમાંઅધિકારી બને છે. રાવણે ઘોર તપ કરીને જે શિવલિંગ મેળવ્યું હતું, તેને પણ ગોકર્ણક્ષેત્રમાં સ્થાપેલ છે.

સઘળા દેવો તે મહાબલ શિવને પ્રસન્ન કરે છે, તેથી પૂર્વ દિશાના દ્વારને સેવે છે, અર્થાત્ ત્યાં કાયમ રહે છે. યમ મૃત્યુ, પોતે, ચિત્રગુપ્ત તથા અગ્નિ, પિતૃઓ તથા રુદ્રોની સાથે દક્ષિણના દ્વારે રહે છે. વરુણ દેવ તથા ગંગા આદિ નદીઓ પશ્ચિમ દ્વારનો આશ્રય કરે છે અને વાયુ, કુબેર, દેવેશ્વરી, ભદ્રકાલિકા, ચંડિકા વગેરે માતાઓની સાથે મંદિરના ઉત્તર દ્વારે વસે છે. ગોકર્ણમાં રહેલું એ શિવલિંગ મહાબલ નામે કહેવાય છે. ત્યાં ઘણા લોકોએ મોટું તપ કર્યું છે અને મહાબલ પ્રભુનું સારી રીતે પૂજન કરી આ લોક તથા પરલોક માં સુખ દેનારી પરમ સિદ્ધિ મેળવી છે. મહા વદ ચૌદશે (શિવ રાત્રિના ટાણે) મહાબલનું પૂજન કરનાર મનુષ્યનાં પાપ દૂર થઈ તે સુખદાયી બને છે. શિવના એ લિંગનું પૂજન કરી ચાંડાલિની શિવલોકમાં ગઈ હતી.

આ ચાંડાલિની પૂર્વજન્મમાં 'સૌમિ ની' નામે વિષકન્યા હતી. તે ઘણી જ રૂપવાન હતી. તેના પિતા એ તેને બ્રાહ્મણપુત્ર સાથે પરણાવી પણ અમુક સમય બાદ તેનો પતિ બીમાર થતાં મૃત્યુ પામ્યો પતિના મૃત્યુ બાદ તે કેટલોક સમય ઉત્તમ ચરિત્રવાળી રહી. પણ સંજોગો વશાત્ તે અત્યંત કામવાળી તથા વ્યભિચારિણી બની ગઈ, તેથી કુટુંબીઓએ તેને ત્યજી દીધી. તે વનમાં ભટકતી હતી ત્યારે એક શૂદ્ર તેને પોતાને ઘેર લઈ ગયો. તે સ્રી ધીરે ધીરે માંસ-મદિરાનું સેવન કરવા લાગી. એક દિવસ પતિ બહાર જવાથી તે સ્રીએ મદિરા પાન કર્યું અને તેને માંસાહાર કરવાની ઈચ્છા થતાં વાડામાં જઈ વાછરડાને લઈ ઘરમાં આવી. તેને ગાયનો વાછરડો જાણી 'શિવશિવ એવું બોલી ગઈ. પછી તેણે તેનો આહાર કર્યો. સમય જતાં તે મૃત્યુ પામી અને તેના કર્મને લીધે તે ચાંડાલિનીના ગર્ભમાં આવી. તે કાળી તથા અંધ સ્વરૂપે જન્મ પામી.

આ ચાંડાલિનીનાં માતા- પિતા નાનપણમાં જ મૃત્યુ પામ્યાં. તે પોતે કોઢના રોગથી પીડાતાં તેને કોઈ પરણ્યું નહિ. તે ભૂખને કારણે ચાંડાલોનું એઠું અન્ન પણ ખાતી. દૈવયોગે તે શિવરાત્રી ટાણે ગોકર્ણ ક્ષેત્રમાં પહોંચી ગઈ. ખાવા માટે તે મહાજનો પાસે ગઈ. એક તેજસ્વી મુસાફરે તે ચાંડાલિનીના ખોળામાં લીલીની માંજર નાખી, પણ 'આ ખાઈ શકાય નહિ' તેમ વિચારી તેણે દૂર ફેંકી. સંજોગોવશાત્ રાત્રીના અંધકારમાં તે માંજર શિવલિંગ પર પડી. ચાંડાલિની મુસાફરો પાસે કંઈ ને કંઈ માગતી રહી, પણ તેને જમવાનું મળ્યું નહિ. આમ દૈવ યોગે અજાણતાં જ શિવ ચતુર્દશીનું નિર્મળ વ્રત અને જાગરણ થઈ ગયાં. સવાર થતાં તે ચાલી ગઈ. ભૂખના કારણે તે મૃત્યુ પામી.પરંતુ શિવકૃપાને લીધે તે પરમપદ પામી.

ભોળાનાથ ના ગણો તેને ઉત્તમ વિમાનમાં બેસાડી દિવ્ય સ્થળે લઈ ગયા.તે ચાંડાલિની મહાબલના સ્થાને આવી. ગોકર્ણતીર્થમાં શિવરાત્રી ટાણે અજાણતાં ઉપવાસ કર્યો, રાત્રે જાગરણ કર્યું અને અજાણતાં બીલી વડે શિવલિંગનું પૂજન પણ કર્યું હતું, તેથી મહાબલની કૃપા એ ચાંડાલિની પર ઊતરી અને તેનાં પાપોનો નાશ થયો. સદા શિવ દેવાધિદેવ મહાદેવને ભોલેનાથ કહયો છે તેની અજાણતાં પૂજા અર્ચના થાય તોય એ ભક્ત પર પ્રસન્ન થાય આપણે શ્રાવણ માસ માં બસ કાલાવાલા સદા શિવ ભોળાનાથ શંભુને વ્હાલા એ રીતે ગુણગાન કરી રહયા છીએ. સૌનું સદા શિવ ભોળાનાથ શંભુ કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# માણ્યો છે ક્યારેય આવા ભોજન નો સ્વાદ??



આજ ની દોડધામ વાળી જિંદગી માં માણસ ભોજન નો સ્વાદ માણવાનું ભૂલી ગયો છે, ક્યારે શું ખાધું? કેટલું ખાધું?? એ ગણવાનું પણ ભૂલી ગયો છે, એક કોળિયો હજી કંઠે થી નીચે નથી ઉતરતો અને બીજા કોળિયા સાથે તૈયાર એનો હાથ છે. આજ ના કળિયુગ માં માણસ જીભ નો સ્વાદ પણ ભૂલી ગયો છે. કઈ વાનગી ગળી? કઈ વાનગી તીખી? કઈ વાનગી મોરી ?? આ દરેક બાબત નો સ્વાદ માણસ ભૂલી ગયો છે.

રેસ્ટોરન્ટ નું જમવાનું તેમને ખુબ જ સારું લાગે છે, કારણ કે ત્યાં એક થાળી ના અમુક પૈસા ચૂકવાય છે અને ઘરે એક થાળી ફ્રી માં મળે છે. રેસ્ટોરન્ટ ના જમવામાં એક પણ દિવસ ભૂલ નહિ કાઢે કારણકે પૈસા આપવાના છે, એક એક કોળિયો શાંતિ થી ખાશે, દરેક વસ્તુ નો જીભ પર સ્વાદ અનુભવશે. રેસ્ટોરન્ટ કે લગ્ન પ્રસંગ ના જમણવાર માં બધી વાનગી નો સ્વાદ માણશે, પરંતુ આ જ વસ્તુ ઘર ના બનાવેલા ભોજન માં કેમ નથી થતી?? ઘર ના ભોજન માં થોડીક જ મિનિટો માં માણસ ઉભો થઈ જાય છે. બહાર ની વાનગી નો સ્વાદ સારું લાગવાનું એક જ કારણ છે કે માણસ ઘરે માત્ર રોટલી શાક દાળ ભાત ના કોળિયા ભરે છે પરંતુ એ દરેક કોળિયા નો સ્વાદ તો માણતો જ નથી.

થાળી માં રાખેલી દરેક વાનગી નો સ્વાદ માણવો એ ખુબ જ જરૂરી છે કારણ કે માણસને ઘણી વાર એ પણ નથી ખબર હોતી આજે જમવામાં કઈ મીઠાઈ બનાવી છે?? કયું શાક બનાવ્યું છે? આટલી ઉતાવળ માં જમીને માણસ ને ક્યાં જવું છે? નોકરી કે ધંધો?? આ બધું અહીં ને અહીં જ રહેવાનું છે પરંતુ તમારા પરિવાર જનો દ્વારા બનેલા ભોજનનો સ્વાદ તમને આખો દિવસ તંદુરસ્ત રાખશે.



# વિશ્વની સૌથી શક્તિશાળી છે આ જંગલી શાકભાજી, તેમના છે અનેક ફાયદાઓ

આયુર્વેદ ચિકિત્સક વૈદ્ય શોભાલાલ ઔદિચ્યએ જણાવ્યું કે, કંકોડા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેમાં રહેલા ફાઈટોકેમિકલ્સ સ્વાસ્થ્યને યોગ્ય રાખે છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેમાં રહેલા લ્યુટીન જેવા કેરોટોનાઈડ્સ આંખના રોગ, હૃદય રોગ અને કેન્સરને રોકવામાં મદદરૂપ છે. નિશા રાઠોડ/ઉદયપુર: ચોમાસાની ઋતુમાં આપણને કઈ શાકભાજી ખાવું અને કઈ ન ખાવી તેની ચિંતા થાય છે. અહીં અમે તમને એક એવી શાકભાજી વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેને 'સ્વીટ કારેલા' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે વિશ્વની સૌથી શક્તિશાળી શાકભાજી પણ માનવામાં આવે છે. ઔષધીય ગુણોથી ભરપૂર આ શાકભાજી વરસાદની મોસમમાં વધુ ખાવામાં આવે છે. તેના ફાયદા જાણીને તમે ચોંકી જશો. આ દિવસોમાં બજારમાં ચોમાસામાં ઉપલબ્ધ કંકોડા અથવા કંટોલાની માંગ છે. આજકાલ આ શાકભાજી રૂ. ૨૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે, છતાં પણ લોકો તેને ખરીદવાનું પસંદ કરે છે.

ઔષધીય વનસ્પતિઓ અને વન પેદાશોથી સમૃદ્ધ ઉદયપુર શહેરમાં, આ દિવસોમાં કિકોડા આસપાસના જંગલોમાં ખીલે છે. વાઈલ્ડ સિકાડા બજારમાં રૂ.૨૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. દુકાનદારો તેને આદિવાસીઓ પાસેથી રૂ.૧૫૦ પ્રતિ કિલોના ભાવે ખરીદે છે. પછી તેને બજારમાં વેચીને ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચે છે. આ સિઝનમાં તે ફક્ત ૧૫ દિવસ માટે જ ઉપલબ્ધ હોય છે, તેથી મોંઘા હોવા છતાં, દરેક તેનો સ્વાદ લેવા માંગે છે. આ જ કારણ છે કે, લઈ આવ્યાના થોડા કલાકોમાં જ આખા કંકોડા વેચાઈ જાય છે. આયુર્વેદ ચિકિત્સક વૈદ્ય શોભાલાલ ઔદિચ્યએ જણાવ્યું કે, કંકોડા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેમાં રહેલા ફાઈટોકેમિકલ્સ સ્વાસ્થ્યને યોગ્ય રાખે છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેમાં રહેલા લ્યુટીન જેવા કેરોટોનાઈડ્સ આંખના રોગ, હૃદય રોગ અને કેન્સરને રોકવામાં મદદરૂપ છે. જો તમે તેનું શાક ખાવા માંગતા ન હોવ તો તમે તેનું અથાણું પણ બનાવી શકો છો. તે ખૂબ જ પાચક પણ છે. કૃષિ વૈજ્ઞાનિકોના મતે કંકોડા એ કોળાનો પાક છે. પૌષ્ટિક ગુણોથી ભરપૂર હોવાની સાથે સાથે તે વિવિધ રોગોથી બચવામાં પણ મદદરૂપ છે. તેની ખેતી કરીને ખેડૂતો સમૃદ્ધ બની શકે છે. બાગાયત વિભાગે ખેડૂતોને તેની ખેતી કરવા અપીલ કરી છે. પન્નાના જંગલી વિસ્તારોમાં, કંકોડા બિનખેતી થાય છે, તેથી આદિવાસીઓ તેને તોડીને બજારમાં વેચે છે. આજુબાજુના લોકો શાકભાજી તરીકે તેનો ઉગ્ર ઉપયોગ કરે છે.

# આ આદર છે કે અનાદર



"તું સાઈડ માં ખસ મારે ક્રિકેટ રમવામાં તકલીફ પડે છે" આ શબ્દો છે માત્ર ૪ વર્ષ ના બાળક ના. આ બાળક ને તું અને તમે કહેવાનો ભેદ નથી આવડતો, મને એમ કે નાનું બાળક છે કોણ ઝઘડો કરે એટલે હું ખસી ગયો. પણ દિલ માં બહુ જ દુઃખ થયું, આજની નવી આવનારી પેઠી ખુબ જ હોશિયાર છે માન્યા કે, બધું ઝડપથી જ શીખી લે છે, પરંતુ એનો મતલબ એવો કદાચ નથી કે એમની ઉમર થી મોટા દરેક વ્યક્તિ ને અનાદર થી બોલાવે?? આ સંસ્કાર આપવામાં એમના માતા પિતા ની ભૂલ છે. મોટા વ્યકતિ સાથે એકાદ વાર ઘટના બને તો જતું કરી નાખે પરંતુ જયારે બાળકો દ્વારા થતો આ અનાદર નિત્યક્રમ બની જાય પછી કોઈ પણ વ્યક્તિ પોતાના ગુસ્સા ને કાબુ માં રાખે એ ખુબ જ મોટી વાત છે. માતા તથા પિતા આ બંને વ્યક્તિ એક બાળક ના ઘડતર માં એક જરૂરી કલાકાર તરીકે કાર્યરત છે. તેમનું કરેલું વર્તન નાના બાળક તરત જ શીખી લે છે, આપણા થી મોટી ઉમર ના દરેક વ્યક્તિને કેટલું માન આપવું કઈ વ્યક્તિ ને ક્યાં ઉપનામ થી બોલવું, આ બધી જ માહિતી એ બાળક ને એના પરિવાર દ્વારા જ મળે છે. આમ વાંક કોનો ?? એનો કે એના પરિવાર નો ?? જો આજકાલ ના છોકરા ઓ સ્માર્ટ છે?? ફોન પણ ઝડપથી શીખી જાય છે તો માતા પિતાના આપેલા સંસ્કાર કેમ નથી શીખતાં?? આપણી સંસ્કૃતિ, આપણી પરંપરા એમાં તેમને કઈ વસ્તુની અડચણ આવી જાય છે. જો આજ નું બાળક 4G છે તો આદર અને અનાદર કરવામાં કેમ થાપ ખાઈ જાય છે. આ બધું શીખવાડાની ફરજ તેના પરિવાર ની કે આખા ગામ ની?? આજ ના માતા પિતા બાળકના દરેક શોખ પૂરા કરે છે પરંતુ માતા પિતા એ ભૂલી જાય છે આ બાળક ની જીદ છે કે શોખ?? માતા પિતા પોતાના કામ માં એટલા વ્યસ્ત રહેવા લાગ્યા છે પોતાના જ બાળક ને પોતાની સાથે બેસાડીને એની ભૂલ વિશેની સાચી માહિતી પણ નથી આપતા, "બેટા આ તારી ભૂલ છે કાકા ને આમ ના બોલાવાય" આવું માત્ર એક વાર કહેવાથી બાળક ફરીથી એ ભૂલ ક્યારેય નહિ કરે, જયારે બાળક ચાલતા શીખે છે તો ઘણી વાર પડી જાય છે. ત્યારે તમે જ એને આધાર આપીને ઉભો કરો છો, તો જયારે એનાથી શબ્દ બોલવામાં ભૂલ થાય છે.

# ઉભા રહીને પાણી પીવો છો? છોડી દો આદત નહીંતર ૫ બીમારીઓ ઘેરી લેશે

પાણીને યોગ્ય રીતે પીવામાં આવે તો તેના ફાયદા જ ફાયદા છે. પરંતુ જો ખોટી રીતે પીવામાં આવે તો નુકસાન પણ થઈ શકે છે. જો તમે પણ ઉભા રહીને પાણી પીતા હોય તો આજે જ આ આદત છોડી દો, નહીંતર શરીરને ઘણી મુશ્કેલીઓ થઈ શકે છે. ચાલો જાણીએ ઉભા રહીને પાણી પીવાથી સ્વાસ્થ્યને શું નુકસાન થઈ શકે છે.

પાણી આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે. તેના વિના જીવનની કલ્પના જ અધૂરી છે. પાણીની જરૂરિયાત સૌથી વધુ ગરમીમાં હોય છે, કારણ કે આ સીઝનમાં દર ૧૦-૨૦ મિનિટે તરસ લાગી જાય છે. તમને જણાવી દઈએ કે, પાણીને યોગ્ય રીતે પીવામાં આવે તો ફાયદા જ ફાયદા છે, પરંતુ જો ખોટી રીતે પીવામાં આવે તો નુકસાન પણ થઈ શકે છે. ઘણા લોકોને ઉભા રહીને પાણી પીવાની



આદત હોય છે, જે ખોટુ છે. આમ કરવાથી તમે સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી રહ્યાં છો. જો તમે પણ ઉભા રહીને પાણી પીવો છો તો આજથી જ છોડી દો, નહીંતર શરીરને અનેક મુશ્કેલીઓ થઈ શકે છે. ચાલો બીએચયુના આયુર્વેદાચાર્ય ડો.અજયયાદવપાસેથીજાણીએકેઉભારહીનેપાણી



પીવાથી સ્વાસ્થ્યને કયા નુકસાન થઈ શકે છે. કિડની રોગઃ ઉભા રહીને પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક માનવામાં આવે છે. એક્સપર્ટ અનુસાર, જો તમે કિડની સાથે જોડાયેલ કોઈપણ મુશ્કેલી સામે ઝઝૂમી રહ્યાં છો, તો તમે બિલકુલ ઉભા રહીને પાણી ન પીવો. આમ કરવાથી તમે તમારી કિડનીને નુકસાન પહોંચાડી રહ્યાં છો. તેના કરતાં તમે આરામથી બેસીને ધીરે-ધીરે પાણી પીવો. સાંધાને નુકસાનઃ એક્સપર્ટ્સ અનુસાર, ઉભા રહીને પાણી પીવાની આદતથી સાંધાને નુકસાન પહોંચે છે. સાથે જ અર્થરાઈટિસના લક્ષણ પણ પેદા થાય છે. જણાવી દઈએ કે, ઉભા થવાથી નસોમાં તણાવ રહે છે અને આ દરમિયાન પાણી પીવાથી શરીરમાં ફ્લૂઈડ બેલેન્સ પ્રભાવિત થાય છે, જેના કારણે સાંધામાં દુખાવો થવા લાગે છે. ફેફસાને નુકસાનઃ જો તમને ફેફસા સાથે જોડાયેલી કોઈપણ પ્રકારની સમસ્યા છે તો ઉભા રહીને પાણી પીવાનું ટાળો. જણાવી દઈએ કે, જ્યારે તમે ઉભા રહીને પાણી પીવો છો, તો તે સમયે ઓક્સિજન લેવલ પ્રભાવિત થાય છે. તેના કારણે ફેફસાથી લઈને હાર્ટ હેલ્થ પર પણ અસર થાય છે.

BOLLYWOOD NEWS FLASH

**રજનીકાંત ક્યારેક એક ફિલ્મ માટે 30 હજાર રૂપિયા ફીસ લેતા હતાં અને આજના સમયમાં તે ૧૦૦ કરોડથી વધુ ફીસ ચાર્જ કરે છે**



## રજનીકાંતે ક્યારેય નથી કર્યુ કોઇપણ બ્રાન્ડનું પ્રમોશન

। મુંબઈ, તા.૨૮ ।

સુપરસ્ટાર રજનીકાંત પાસે કરોડોની સંપત્તિ છે. તેમણે વર્ષ ૧૯૭૫માં તમિલ ફિલ્મ **Apoorva Raagangal** થી પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. આ બાદ તેમણે ક્યારેય પાછળ વળીને નથી જોયુ. તેઓ ફેમસ તો થયાં જ સાથે જ તેમણે તગડી કમાણી પણ કરી છે. તેમની પાસે આલિશાન બંગલા, મોંઘી ગાડીઓનું કલેક્શન અને દરેક પ્રકારની સુખ સુવિધા બધું જ છે. જો કે તે વાત તમને જાણીને નવાઈ લાગશે કે રજનીકાંત ખૂબ જ સિંપલ લાઈફ જીવે છે. તે જ્યારે પણ પોતાના ઘરેથી બહાર નીકળે છે ત્યારે તે પોતાના રિયલ લુકમાં જ જોવા મળે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રજનીકાંતની નેટવર્થ ૪૩૦ કરોડ રૂપિયા છે. તે સાઉથ સિનેમાના કદાચ એકમાત્ર એવા એક્ટર છે, જેમણે કોઈપણ બ્રાન્ડ કે કોઈપણ પ્રોડક્ટનું પ્રમોશન નથી કર્યુ. તેમણે પોતાના આટલા વર્ષના કરિયરમાં એક પણ બ્રાન્ડને પ્રમોટ નથી કરી. રજનીકાંત ક્યારેક એક ફિલ્મ માટે 30 હજાર રૂપિયા ફીસ લેતા હતાં અને આજના સમયમાં તે ૧૦૦ કરોડથી વધુ ફીસ ચાર્જ કરે છે. જાણકારી અનુસાર, રજનીકાંતે 'જેલર' ફિલ્મમાં કામ કરવા માટે ૧૧૦ કરોડ ફીસ લીધી છે.

ચેન્નઈના **Poes** ગાર્ડનમાં રજનીકાંતનું આલિશાન ઘર છે, જેમાં દરેક પ્રકારની સુવિધા છે. આ ઘરની કિંમત આશરે ૩૫ કરોડ રૂપિયા જણાવવામાં આવી રહી છે. રજનીકાંત એક વેડિંગ હોલના પણ માલિક છે. તેના ડાયનિંગ એરિયામાં ૨૭૫ લોકો આરામથી આવી શકે છે અને તેમાં આશરે ૧૦૦૦ મહેમાનો માટે રૂમ છે. આ પ્રોપર્ટીની કિંમત આશરે ૧૦થી ૨૦ કરોડ રૂપિયા જણાવવામાં આવી રહી છે. રજનીકાંત લક્ઝરી કારના પણ શોખીન છે. તેમની પાસે બે રોલ્સ રોયસ છે.

**સની દેઓલની ફિલ્મ ગદર ૨એ બોક્સ ઓફિસ પર દબદબો જમાવ્યો છે અને જોરદાર કમાણી કરી રહી છે**

## સની દેઓલ પાંચ સોર્સથી કરે છે મોટી કમાણી

। મુંબઈ, તા.૨૮ ।

૬૬ વર્ષની ઉંમરે સની દેઓલે તેની ફિલ્મ 'ગદર ૨'થી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે. માત્ર અને માત્ર તેની ફિલ્મની જ દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. તેઓ છેલ્લા ઘણા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે અને આ દરમિયાન તેમણે માત્ર ખ્યાતિ જ નહીં પરંતુ ઘણી સંપત્તિ પણ કમાઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૩૦ કરોડ રૂપિયા છે. સની દેઓલ પ્રોડક્શન હાઉસથી લઈને પ્રિવ્યુ થિયેટરો સુધીની દરેક વસ્તુનો માલિક છે. આજે અમે તમને સની દેઓલની કમાણીના પાંચ મજબૂત સ્રોતો વિશે જણાવીએ છીએ. સની દેઓલનું વિજેતા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ નામનું પોતાનું પ્રોડક્શન હાઉસ છે. તેનો પાયો વર્ષ ૧૯૮૩માં ધર્મેન્દ્રએ નાખ્યો હતો. સની દેઓલે આ બેનર હેઠળ ઘણી ફિલ્મો બનાવી છે, જેમાં 'દિલગી', 'પલ પલ દિલ કે પાસ', 'બેતાબ', 'અપને', 'ઘાયલ', 'બરસાત' અને બીજી ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે. પ્રોડક્શન હાઉસ વિજેતા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ ઉપરાંત, સની દેઓલ પાસે ડબિંગ અને રેકોર્ડ સ્ટુડિયો 'સની સુપર સાઉન્ડ' છે.



## ભારતીય સિનેમાની સૌથી મોટી ફ્લોપ, ૨૨૫ કરોડનું નુકસાન

। મુંબઈ, તા.૨૮ ।

અગાઉ લોકો ભારતની સૌથી મોટી ડિઝાસ્ટર પ્રભાસ અને પૂજા હેગડેની રાધે શ્યામને માનતા હતા, જે ૩૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી. આ ફિલ્મે લોકોની અપેક્ષાઓ પર ખરી ઉતરી નહોતી અને નિર્માતાઓને ૧૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હતું. પરંતુ ભારતીય સિનેમામાં બીજી એક મોટી ડિઝાસ્ટર મૂવી છે જે નિર્માતાઓ માટે આનાથી બમણાથી વધુ જોખમનો સોદો બની. તે બીજી કોઈ નહીં પણ આદિપુરુષ છે. ભારતમાં બોક્સ ઓફિસ પર સૌથી વધુ પૈસા ડુબાવનારી ફિલ્મ આદિપુરુષ છે. આને ૫૫૦ અને ૬૦૦ કરોડ રૂપિયાના અંદાજિત બજેટ સાથે બનાવવામાં આવી હતી. તેની ઓપનિંગ પણ જબરદસ્ત રહી હતી, પરંતુ પાછળથી તે ખરાબ સાબિત થઈ હતી. આદિપુરુષે ભારતમાં રૂ. ૨૮૮ કરોડ અને વિદેશમાં રૂ. ૩૫-૩૮ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મે વિશ્વભરમાં લગભગ ૩૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું પરંતુ તે તેનું બજેટ પણ કાઢી શકી નહોતી. આના કારણે નિર્માતાઓને ૨૨૫ કરોડ રૂપિયાનું ચોખ્ખું નુકસાન થયું હતું. તેના ડાયલોગ્સ પર ઉગ્ર વિવાદ થયો હતો અને પાત્રો સાથે છેડછાડને કારણે ફિલ્મ ટીકાનો શિકાર પણ બની હતી. આદિપુરુષ મહાકાવ્ય રામાયણ પર આધારિત હતી અને રૂપાંતરણ માટે તેની ભારે ટીકા કરવામાં આવી હતી. દરેક જ્ઞાતિના લોકો દ્વારા તેની ટીકા કરવામાં આવી હતી અને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ પણ એક સાથે ઉઠી હતી.

**કરિશ્મા કરે કેમેરા સામે બોલ્ડ સ્ટાઈલ બતાવી છે, કરિશ્મા કરના ખુલ્લા વાળ તેની સુંદરતામાં વધારો કરી રહ્યા હતા**

## બોલ્ડનેસમા પૂનમ પાંડેને પણ ટક્કર આપે છે કરિશ્મા

। મુંબઈ, તા.૨૮ ।

**Karrishma Kar Bold Photos** અભિનેત્રી અને મોડલ કરિશ્મા કરના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બોલ્ડ તસવીરો જોઈને તમે ઉર્ફી જાવેદ અને પૂનમ પાંડેને ભૂલી જશો. ચાહકો કરિશ્મા કરની દરેક તસવીરને પસંદ કરે છે. અભિનેત્રી અને મોડલ કરિશ્મા કરિશ્મા સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. કરિશ્મા તેના ફેન્સ માટે તેના ફોટા અને વીડિયો શેર કરતી રહે છે. કરિશ્મા કરના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર નજર કરીએ તો તે પોતાની બોલ્ડનેસથી લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચે છે. કરિશ્મા કરે ઘણા ગ્લેમરસ અને બોલ્ડ ફોટો અને વીડિયો શેર કર્યા છે. મ્યુઝિક વિડીયો અને વેબ સિરીઝમાં પોતાની અભિનયની કૌશલ્ય દેખાડનાર કરિશ્મા, પૂનમ પાંડે, ઉર્ફી જાવેદ, શર્લિન ચોપરા સહિતની તમામ અભિનેત્રીઓને તેની બોલ્ડનેસની બાબતમાં જોરદાર સ્પર્ધા આપે છે. કરિશ્મા કરે કેમેરા સામે બોલ્ડ સ્ટાઈલ બતાવી છે. કરિશ્મા કરના ખુલ્લા વાળ તેની સુંદરતામાં વધારો કરી રહ્યા હતા. કરિશ્મા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના ફોટા શેર કરતી રહે છે.



## ૫ ફિલ્મો હતી આઉટ ઓફ ધ બોક્સ, દર્શકોના દિલો-દિમાગમાં કર્યું રાજ

## ટોવિનો થોમસ અભિનીત ફિલ્મ મિનલ મુરલીને પણ ૬૯માં નેશનલ એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી હતી

। મુંબઈ, તા.૨૮ ।

ગંગુબાઈ કાઠિયાવાડી ફિલ્મ માટે આલિયા ભટ્ટ અને મિમી માટે કૃતિ સેનનને ૬૯માં રાષ્ટ્રીય પુરસ્કારોમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો. અલ્લુ અર્જુનને 'પુષ્પા' માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત 'સરદાર ઉધમ', ઈઈઈ, 'ધ કાશ્મીર ફાઈલ્સ' અને 'રોકેટરી ધ નામ્બી ઈફેક્ટ્સ'ને વિવિધ કેટેગરીમાં એવોર્ડ મળ્યા છે. અહીં અમે તમને એવી ૫ ફિલ્મો વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેને નેશનલ એવોર્ડ માટે નોમિનેશન મળ્યું હતું અને ફેન્સને પણ આ ફિલ્મો જીતવાની આશા હતી, પરંતુ એવું થઈ શક્યું નહીં. ટોવિનો થોમસ અભિનીત ફિલ્મ 'મિનલ મુરલી'ને પણ ૬૯માં નેશનલ એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી હતી. તે મૂળ મલયાલમમાં બનાવવામાં આવી હતી. તમે મિનલ મુરલીને ફ્રીકફ્લેટ પર હિન્દી સહિત ઘણી ભાષાઓમાં જોઈ શકો છો. સુપરહીરો પર આધારિત ફિલ્મની વાર્તા ખૂબ જ ઈમોશનલ હતી. વિલન અને હીરો બંનેમાં સુપરપાવર આવે છે. ખાસ વાત એ હતી કે, બંને ખૂબ જ લાગણીશીલ છે. આ ફિલ્મ ડિસેમ્બર ૨૦૨૧માં રિલીઝ થઈ હતી. તેનું નિર્દેશન બેસિલ જોસેફે કર્યું હતું. ધનુષ અભિનીત 'કર્ણન' વર્ષ ૨૦૨૧ની શ્રેષ્ઠ ફિલ્મોમાં ટોચ પર છે. આ ફિલ્મની ચર્ચા દક્ષિણથી ઉત્તર સુધી હતી. ફિલ્મની વાર્તા એક ગામડાની છે, જેમાં કર્ણન નામનો છોકરો ગામવાસીઓ સાથે થતા ખરાબ વ્યવહારનો વિરોધ કરે છે. તે ઘણા સ્ટીરિયોટાઈપ્સને તોડે છે. ફિલ્મમાં બે ગામ વચ્ચેનો સંઘર્ષ પણ બતાવવામાં આવ્યો છે. આ ફિલ્મ એપ્રિલ ૨૦૨૧માં રિલીઝ થઈ હતી. તેનું નિર્દેશન મારી સેલ્વરાજે કર્યું હતું. આર્ય સ્ટાર 'સરપટ્ટ પરમબરાઈ' જુલાઈ ૨૦૨૧ના રોજ રિલીઝ થઈ હતી. રણજિત દ્વારા નિર્દેશિત. ફિલ્મની વાર્તા ૧૯૭૦ના દાયકાની છે, જેમાં મદ્રાસમાં બોક્સિંગ કલ્ચર ખીલી રહ્યું હતું. આ ફિલ્મમાં બોક્સિંગમાં જાતિવાદ કેવી રીતે વર્ચસ્વ ધરાવે છે તે દર્શાવાયું છે. વિવેચકોએ ફિલ્મની ખૂબ પ્રશંસા કરી. આ ફિલ્મ એમેઝોન પ્રાઈમ વિડિયો પર હિન્દી, તમિલ, તેલુગુ અને મલયાલમમાં જોઈ શકાય છે. સૂર્યા સ્ટારર ફિલ્મ 'જય ભીમ'ને લઈને સમગ્ર ભારતમાં ચર્ચા હતી. આ ફિલ્મ નવેમ્બર ૨૦૨૧માં રિલીઝ થઈ હતી. તેનું નિર્દેશન ટીજે જ્ઞાનવેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આમાં સુરૈયા એક એક્ટિવિસ્ટ વકીલનું પાત્ર ભજવે છે, જે પોલીસ કસ્ટડીમાં ગુમ થયેલા ગરીબ આદિવાસી માટે લડે છે. ફિલ્મની સ્ટોરી હૃદયસ્પર્શી હતી.

### શ્રાવણ મહિનાના સોમવારે

# ઝાલોદ નગરના શિવ મંદિરોમાં ભક્તો શિવ મંદિરે પૂજા અર્ચના કરવા ઉમટી પડ્યા

## શ્રાવણના આખા મહીના દરમ્યાન સોમનાથ મહાદેવ મંદિરે વિશેષ ધાર્મિક પ્રોગ્રામોનું આયોજન કરાયું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૮ ।



શિવ ભક્તો આમતો શ્રાવણના આખા મહિના દરમ્યાન વિશેષ પૂજા અર્ચના કરતા હોય છે તેમાંય શ્રાવણના સોમવારે મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો શિવ પૂજા કરવા મંદિરે ઉમટી પડતાં હોય છે. શ્રાવણનો સોમવાર શિવ ભક્તો માટે વિશેષ આસ્થા ધરાવતું હોય છે. શ્રાવણના સોમવારે શિવ ભક્તો વિશેષ પૂજા અર્ચના કરી ઉપવાસ પણ કરતા હોય છે. શ્રાવણના સોમવાર દરમ્યાન ભાવિક ભક્તો વહેલી સવારથી જ પૂજા અર્ચના કરવા મંદિરે જતા હોય છે. સોમવાર એટલે શિવજી ને પૂજન કરવાં માટે વિશેષ દિવસ હોવાથી ભક્તો પોતાની દરેક મનોકામનાઓ પૂર્ણ કરવા વિશેષ પૂજા અર્ચના કરવા મંદિરે ભીડ જામતી જોવા મળતી હોય છે.

નગરના સહુથી જૂના અને પ્રાચીન મંદિર એવા રામદ્વારા મંદિર પર ભગવાન શિવજી ની વિશેષ પૂજા કરવા ભક્તોનો વધું ઘસારો જોવા મળે છે. ભગવાન શિવજી ને એક લોટો પાણી ચઢાવવાથી પણ તેમના વિશેષ આશીર્વાદ મળે છે. ભગવાન શિવને ભજવવા માટે સોમવારના દિવસે વિશેષ પૂજા કરવા માટે પૂજાને લગતી દરેક સામગ્રી ચઢાવી આરતી કરી વિશેષ પૂજા શિવ ભક્તો દ્વારા કરવામાં આવે છે. ભગવાન ભોલેનાથની પૂજા કરવાથી દરેક દંપતી પર શિવજીની કૃપા અને આશીર્વાદ થી દરેક સુખ સમૃદ્ધિ મળે છે. શિવજી ની પૂજા કરવા તેમજ તેમને રીઝવવા માટે શ્રાવણ મહિના થી વિશેષ કોઈ મહિનો હોતો નથી તેમાંય સોમવારની પૂજાનું શાસ્ત્રો અને ઋષિ મુનિઓ દ્વારા વિશેષ મહત્વ બતાવવા આવેલ છે. સોમનાથ મહાદેવ મંદિરે આખા શ્રાવણ મહિનામાં ભોલેના ભક્તો માટે વિશેષ ધાર્મિક પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવેલ છે.

# જસદણ નગરપાલિકાનો વહીવટ કુવામાં નહી પણ ભાડીયા કુવામાં ગયો છે : જયેશ કલ્યાણી

હુસામુદ્દીન કપાસી
। જસદણ, તા.૨૮ ।



જસદણના સામાજિક કાર્યકર જયેશ હિંમતલાલ કલ્યાણી એક યાદીમાં જણાવે છે કે જસદણ નગરપાલિકાનો વહીવટ કુવામાં નહી પણ ભાડિયા કુવામાં ગયો હોય એવી પ્રતીતિ પ્રજાને થઈ રહી છે આ અંગે જયેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે જસદણ શહેરમાં જ્યારથી નગર પાલિકામાં વહીવટદારનું શાસન આવ્યું છે છે ત્યારથી પ્રજાની માઠી દશા બેઠી હોવાનું જણાવ્યું હતું જસદણમાં મોટા ભાગના નવા બનેલાં રોડ રસ્તાઓમાં ખાડા પડી ગયાં છે ઠેર ઠેર દબાણ અને વહીવટથી નવા બાંધકામોને યેન કેન પ્રકારે મંજુરી આપી દેવામાં આવતાં રોડ સાંકડા બનતાં ટ્રાફિકની સ્થિતિ ગેરકાયદે ભૂતિયા નળ જોડાણ હોવાથી પાણી ઓછાં દબાણે અનિયમિત અને ડહોળું સ્ટ્રીટ લાઈટ ક્યાંક બંધ તો ક્યાંક અનિયમિત ચાલું બંધ પ્રજા રાત્રિના અને વહેલી સવારે અંધારામાં અથડાઈ છે ઓફિસરો મારે શું મારું શું? એમ કહી સહી કરવામાં વ્યસ્ત છે જયેશભાઈએ છેલ્લે જણાવ્યું કે આ વહીવટદારના શાસન પહેલાં પ્રમુખ શ્રીમતી અનીતાબેન અલ્પેશભાઈ રૂપારેલિયાનું રાજ હતું ત્યારે દરેક સમસ્યાઓ પર ધ્યાન આપવામાં આવતું હતું પરંતુ હાલ મોટાં ભાગે ધ્યાન આપવામાં આવતું નથી ત્યારે ચિફ ઑફિસર અને વહીવટદાર આ બાબતે ધ્યાન આપે એમ જયેશ હિંમતલાલ કલ્યાણી એ જણાવ્યું છે.

# ઉમલ્લા ગ્રામ પંચાયતના તલાટીની અન્ય જિલ્લામાં ફરજબદલી થતા વિદાયમાન આપવામાં આવ્યું



। મલેક યસદાની ભરૂચ, તા.૨૮ ।

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ગ્રામ પંચાયતના તલાટી ક્મમંત્રીની પંચમહાલ જિલ્લામાં ફરજબદલી થતાં તેઓનો વિદાય સમારંભ ઉમલ્લા ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાયો હતો જીવણભાઈ વણજારા છેલ્લા ૬ વર્ષથી ઉમલ્લા ગ્રામપંચાયત કચેરીમાં તલાટી તરીકેની ફરજ બજાવતા હતા.

જેઓની કામગીરી ગ્રામ પંચાયતના સ્ટાફ તેમજ ગ્રામજનોએ બિરદાવી હતી.તેઓ ની જગ્યા એ તલાટી ક્મમંત્રી તરીકે ઉદેસિંહ વસાવાએ ચાર્જ સંભાળ્યો હતો તેમજ આ વિદાય લેતા તલાટી ક્મમંત્રી જીવણ વણઝારા નાઓને પુષ્પ ગુચ્છ તેમજ સાલ ઓઢાવી સન્માનિત કરી વિદાય આપી હતી આ પ્રસંગે ભાવુક થઈ જીવણ વણઝારાએ સૌ ઉપસ્થિત ગ્રામ પંચાયતના સ્ટાફ તેમજ અગ્રણીઓનો આભાર વ્યક્ત કર્યો હતો, આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય ભાર્ગવ પટેલ, સરપંચ સરોજ બેન વસાવા દશરથ ભાઈ વસાવા, સંજય વસાવા, રશ્મિકાંત પંડ્યા, જયંતી દેસાઈ, બીપીન પટેલ,રજની પટેલ, માજી સરપંચ દશરથ વસાવા, પ્રવીણ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું



। ઝાલોદ, તા.૨૮ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ બાળકો, અપંગ બાળકો અને અતિ ગરીબ વિદ્યાર્થીઓ વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે સાથે જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમ વર્ગ સંજેલી ખાતે તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓને રૈયોલી બાલાસિનોર ડાયનાસોર મ્યુઝિયમ ની મુલાકાત લીધી હતી. ત્યાં સંપૂર્ણ ડાયનાસોર રસપ્રદની માહિતી મેળવી હતી અને તમામ વિદ્યાર્થીઓને ખૂબ જ ખુશ જણાતા હતા અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. તમામ વિદ્યાર્થીઓને નાસ્તો આપ વામાં આવ્યો હતો અને બપોરે ૨ કલાકે ભોજન આપવામાં આવ્યું હતું જેમાં રોટલી, બે શાક, દાળ- ભાત, પાપડ, છાશ, મીઠાઈ બાળકોએ પેટભેર ભોજન લઈને આવેલ પાર્કમાં મેદાનમાં ટીમલીના તાલે ઝૂલી ઉઠયા હતા. ત્યાંથી ૪ કલાકે રવાના થયા હતા અને રસ્તામાં મહીસાગર નદી, ગોધરના દર્શન કર્યા હતા સાંજે અંદાજે સાંજે ૬.૩૦ કલાકે ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે આવી પહોંચ્યા હતા. આ એક દિવસીય પ્રવાસમાં મોરા ક્લાસના સંચાલક શ્રી અશ્વિનભાઈ સી. સંગાડા તથા શ્રદ્ધા વિદ્યાલય સ્ટાફ સેલોત નિકિતાબેન, કિંજલબેન પલાસ, જનકભાઈ, કિરણભાઈ સેલોત, મકવાણા જનતાબેન ડી. તેમજ અન્ય ઉત્સાહી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તમામ નો આભાર જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી દિલીપ કુમાર મકવાણાએ વ્યક્ત કર્યો હતો.

# ચંદ્રયાન-3 ની સફળતામાં ઝાલોદ નગરના ગરાડું ગામના અશોક મુનિયાનું કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ દ્વારા સન્માન કરવામાં આવ્યું



। ઝાલોદ, તા.૨૮ ।

નગરની મ.ચુ.કોઠારી સ્કૂલમાં પાંચ થી સાત અને બી.એમ.હાઈસ્કૂલમાં આઠ થી દસ સુધીનો અભ્યાસ કરનાર તેમજ ચંદ્રયાન-૩ ની સફળતાના ટીમ વર્કમાં ભાગ ભજવનાર અશોક મુનિયાનું સન્માન કરાયું.

ઝાલોદ નગરથી આસરે ચાર થી પાંચ કિલોમીટર દૂર ગરાડું મુકામના વતની તેમજ ગરાડું ગામમાં પ્રાથમિક ૧ થી ચાર સુધીનું શિક્ષણ મેળવનાર અશોક પરસોતમ મુનિયા જેમણે ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગમાં મહત્વનો ભાગ ભજવેલ હતો તેમજ તેમણે ઈસરો સાથે સારા ટીમવર્ક સાથે જોડાઈ દેશનુ, નગરનું, સમાજનું નામ રોશન કરેલ હતું. અશોક મુનિયા ચંદ્રયાન-૩ ની સફળતા સાથે જોડાયેલ હોવાના સમાચાર મળતાં તેમના ગામમાં અભિનંદન આપવા લોકો ઉમટી પડેલ હતા અને સહુ ગામ અને નગરના લોકો પોતાના ગામના નાગરિક એવા અશોક મુનિયા પર ગર્વ અનુભવ કરતા હતા. ઝાલોદ નગરની કેળવણી મંડળ સંચાલિત શાળા દ્વારા અશોક મુનિયાને સન્માન કરવા આમંત્રણ આપ્યું હતું. અશોક મુનિયા ૫ થી ૭ મ.ચુ. કોઠારી શાળામાં અને ૮ થી ૧૦ બી.એમ. હાઈસ્કૂલમા અભ્યાસ કરેલ હતો તેથી શાળાનું આમંત્રણ મળતા જૂની યાદો વાગોળવા તેમજ તેમના સ્કૂલ સમયના શિક્ષકોની મુલાકાત લેવા આવી પહોંચેલ હતા. કેળવણી મંડળ તેમજ સ્કૂલના સહુ શિક્ષકગણ દ્વારા તેમનું શાલ તેમજ પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત શિક્ષકો દ્વારા નગરની સ્કૂલ માંથી ભણી ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગ જેવી મહત્વ પૂર્ણ ભૂમિકામાં ભાગ ભજવનાર અશોક મુનિયા પર ગર્વ કરી શબ્દો રૂપી તેમનું સન્માન કરેલ હતું. ચંદ્રયાન -૩ સાથે જોડાયેલ અશોક મુનિયા જેવા સ્કૂલમાં આવ્યા ત્યારે તેમણે તેમની સાદગીનો પરિચય આપતાં તેમના ગુરુના પગે લાગી આશીર્વાદ મેળવ્યા હતા. તેમજ અશોક મુનિયાએ પણ શબ્દો દ્વારા ચંદ્રયાન-૩ વિશે ટૂંકમાં સુંદર માહિતી આપી હતી. અશોક મુનિયા ત્યારબાદ પોતાની સ્કૂલમાં ક્લાસ રૂમમાં ભણતા વિદ્યાર્થીઓને પણ મળ્યા હતા.

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા

# રાષ્ટ્રીય શાયર અને સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી આપવામાં આવી







। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. તેમજ દેશ ના પ્રખ્યાત સાહિત્યકારો/કવિઓ અને શહીદવીરો ની યાદમાં તેમની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી કરવાના કાર્યક્રમો કરવામાં આવે છે....જે અંતર્ગત આજરોજ મેઘાણીનગર ખાતે પ્રસ્થાપિત શાયર અને સાહિત્યકાર "શ્રી ઝવેરચંદ મેઘાણી ની જન્મ જયંતિ" નિમિત્તે.... માનનીય મેયરશ્રી કિરીટકુમાર જીવણલાલ પરમાર ના હસ્તે પુષ્પાંજલી કરવાનો કાર્યક્રમ રાખવામા આવેલ.

મેઘાણીનગર ખાતે, માનનીય મેયરશ્રી ના પુષ્પાંજલી કાર્યક્રમમાં માન.ડે.મેયરશ્રી ગીતાબેન પટેલ, માન.વલ્લભભાઈ પટેલ (ચેરમેનશ્રી AMTS) વિવિધ પદાધિકારીશ્રીઓ, ચેરમેનશ્રીઓ સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ તથા નગરજનો આ કાર્યક્રમમાં હાજર રહેલ.

# વલસાડ જિલ્લાના યોગ કોચ 3 દિવસીય નિવાસી યોગ કોચ તાલીમ શિબિરમાં સન્માનિત કરાયા

। સુરત, તા.૨૮ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૩ દિવસીય નિવાસી યોગ કોચ તાલીમ શિબિર નડિયાદના વડતાલ ખાતે તા. ૨૪ થી ૨૬ ઓગસ્ટ દરમિયાન યોજાઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિષપાલજીની અધ્યક્ષતામાં આયોજિત યોગ કોચ તાલીમ શિબિરમાં યોગ અભ્યાસ, યોગ કોચના કાર્ય, યોગ આહાર, યોગ પ્રચાર માટે સોશિયલ મીડિયાનું મહત્વ, યોગ પ્રચાર માટે જન સંપર્ક વગેરે બાબતો પર નિષ્ણાતો દ્વારા તાલીમ અપાઈ હતી.

### કપરાડાની સરકારી વિનયન કોલેજ દ્વારા માંડવામાં

# "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી"નો જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

। સુરત, તા.૨૮ ।

"આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત "યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ" યોજના શરૂ કરવામાં આવી છે. આ પંચ પ્રકલ્પ હેઠળ "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી"નો જન જાગૃતિ કાર્યક્રમ કપરાડાની સરકારી વિનયન કૉલેજના પ્રાચાર્ય ડૉ. ડી.એન.દેવરીના માર્ગદર્શન અને કન્વીનર પ્રા.એમ.પી.પટેલના નેતૃત્વમાં કપરાડાના માંડવા ગામમાં યોજાયો હતો. સરકારી વિનયન કૉલેજના પ્રાચાર્ય ડૉ. ડી.એન. દેવરીએ જણાવ્યું કે, આ કાર્યક્રમ ખાસ કરીને ગ્રામજનો માટે છે છતાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા છે કારણ કે, આ વિદ્યાર્થીઓ અલગ અલગ ગામના હોવાથી પ્રાકૃતિક ખેતીનો સંદેશ પોત પોતાના ગામ સુધી પહોંચાડશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે. લગ્નજીવનમાં મુશ્કેલ તબક્કા બાદ આજનો દિવસ તમને થોડી રાહત પૂરી પાડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. તમે કોઈ પુસ્તક વાંચી શકો છો અથવા પોતાનું મનગમતું સંગીત સાંભળી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારો દેખાવ સુધારે એવા ફેરફાર કરો તથા ભાવિ ભાગીદારોને આકર્ષો. વધારે પડતી અપેક્ષાઓ તમને આજે લગ્નજીવનમાં દુઃખ તરફ દોરી જાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે. આજ નો દિવસ તમે ખૂબ વ્યસ્ત રહેશો પરંતુ સાંજે તમારી મનપસંદ વસ્તુઓ કરવા માટે પૂરતો સમય મળશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા બાળકો સાથે તંદુરસ્ત સંબંધને પ્રોત્સાહન આપો. ભૂતકાળને ભૂલાવી ને આગળ આવનારા ઝળહળતા તથા ખુશહાલ સમય પર મીટ માંડો. તમારા પ્રયત્નો ફળદાયી નીવડશે. કોઈ અન્ય વ્યક્તિની અવળી અસર હેઠળ આવીને તમારા જીવનસાથી તમારી સાથે ઝઘડો કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલીમાંથી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે. આજે તમે તમારા જીવનસાથીની કઠોર અને બિનધાસ્ત બાજુનો અનુભવ કરશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા ઘર ની નજીક ના કોઈ કહેશે કે આજે તમારી સાથે સમય વિતાવશે પરંતુ તમારી પાસે તેમના માટે સમય નહીં હોય.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. અપાર રચનાત્મકતા અને ઉત્સાહ તમને વધુ એક લાભકારક દિવસ તરફ દોરી જશે. માત્ર નાનકડા પ્રયાસને કારણે, આજનો દિવસ તમારા લગ્નજીવનનો શ્રેષ્ઠતમ દિવસ સાબિત થશે.

# પ્રવાસનમાં પોપ્યુલર એકતાનગરના આંગણે મોન્સૂન ફેસ્ટીવલ “મેઘ મલ્હાર -૨૦૨૩” યોજાશે

### ઉદ્‌ઘાટન પરેડ, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ, રેઇન મેરેથોન સહિતના કાર્યક્રમો યોજાશે

। દીપક જગતાપ રાજપીપલા, તા.૨૮ ।

પ્રવાસીઓની લાગણીને માન આપીને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તા. ૨ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન આયોજીત થશે મોન્સૂન ફેસ્ટીવલ “મેઘ મલ્હાર - ૨૦૨૩”નુ આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરીટી અને ગુજરાત ટુરીઝમના સંયુકત ઉપક્રમે આયોજન હાથ ધરાયુંછે. જેમાં ઉદ્‌ઘાટન પરેડ, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ, રેઈન મેરેથોન સહિતના કાર્યક્રમો યોજાશે. પ્રવાસીઓને સહભાગી થવા સ્ટેચ્યુ ઓફ યુનિટી વહીવટીતંત્ર અને ગુજરાત ટુરીઝમ તરફથી આહવાન. આ કાર્યક્રમ નર્મદા ડેમ વ્યુ પોઈન્ટ નં-૧ ખાતે આયોજન થશે.પ્રવાસનમાં પોપ્યુલર એકતાનગરના આંગણે મોન્સૂન ફેસ્ટીવલ “મેઘ મલ્હાર -૨૦૨૩” યોજાશે. મેઘ મલ્હારમાં એન્ટ્રી ફ્રી રાખવામાં આવી છે.

# રક્ષાબંધન - સંત રાજીન્દર સિંહજી મહારાજ



રક્ષાબંધનનો તહેવાર, અથવા ‘રક્ષણનું બંધન’ સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગના પાંચમા મહિના શ્રાવણની પૂર્ણિમાના દિવસે દેશ. એવું કહેવાય છે કે જ્યારે હિન્દુ દેવતાઓ દાનવો સાથે યુદ્ધ કરવા ગયા, ત્યારે ઈન્દ્રની પત્ની સચી, જે વડા છે હિન્દુ દેવતાઓના દેવતાઓમાંથી, તેના પતિના કાંડા પર રાખડી (પવિત્ર તાર) બાંધી અને પરિણામે દેવોએ ભયંકર યુદ્ધમાં વિજય મેળવ્યો. રસપ્રદ વાત એ છે કે, કે નાળિયેર આપણા જીવનના લગભગ દરેક પાસા સાથે જોડાયેલું છે - જન્મ, લગ્ન, મૃત્યુ, ઉપવાસ, ધાર્મિક વિધિઓ અને તહેવારો. પરંતુ શું આપણે ક્યારેય તેના પર ગંભીર વિચાર કર્યો છે? જો આપણે નાળિયેરનું નજીકથી નિરીક્ષણ કરીએ, તો આપણે શોધીશું કે તેના ત્રણ ગુણ છે આંખો જેવું લાગે છે, ઉપલા વચ્ચે અને પાછળ સ્થિત આધ્યાત્મિક ‘ત્રીજી આંખ’ અથવા ‘શિવનેત્ર’ ની યાદ અપાવે છે માણસોમાં ભમર. આપણી અંદર ભગવાનનો અનુભવ કરવા માટે, આપણે આપણી આંતરિક અથવા ત્રીજી આંખ ખોલવી પડશે.

જ્યારે કોઈ બહેન તેના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે, ત્યારે તે તેની હંમેશા રક્ષા કરવાનું વચન આપે છે. પણ ભાઈને બચાવવા માટે કોણ છે? આ દુનિયામાં આપણું રક્ષણ કરવા માટે કોણ પૂરતું સક્ષમ છે? માત્ર એક સતગુરુ અથવા એક સંપૂર્ણ આધ્યાત્મિક ગુરુ મદદ કરવા માટે પૂરતા સક્ષમ છે જીવનના અસંખ્ય મુશ્કેલીઓ મા અમને ટેકો આપે.

# અમદાવાદની પ્રીમિયર નેટવર્કિંગ STAAH Connect કોન્ફરન્સનું સફળ સમાપન



। અમદાવાદ, તા.૨૮ ।

ન્યુઝીલેન્ડ સ્થિત અગ્રણી હોસ્પિટાલિટી સોલ્યુશન્સ પ્રદાતાએ, STAAH કનેક્ટ હબ નેટવર્કિંગ કોન્ફરન્સની અમદાવાદની પ્રથમ આવૃત્તિને સફળતાપૂર્વક હોસ્ટ કરવા માટે ઓનલાઈન ટ્રાવેલ એજન્સી booking.com અને ટેક પ્રોવાઈડર RatePing સાથે ભાગીદારી કરી.

વિન્ડહામ દ્વારા રામાડા ખાતે આયોજિત, ઈવેન્ટમાં ૭૦ થી વધુ સહભાગીઓને એકસાથે લાવવામાં આવ્યા જેમાં ભારતભરમાંથી ઉદ્યોગના અગ્રણીઓ, નિષ્ણાતો અને હોટેલ્સના જનરલ મેનેજર્સ અને હોટેલ્સ અને હોટેલ જૂથોના વિભાગીય વડાઓ, હોમ સ્ટેના માલિકો નવા જોડાણો સ્થાપિત કરવા અને હોસ્પિટાલિટી સ્પેસમાં વર્તમાન પ્રવાહો અને ઉદ્યોગની શ્રેષ્ઠ પદ્ધતિઓ વિશે ચર્ચા કરવા જોડાયા હતા.

આંતરદષ્ટિપૂર્ણ સેશન્સમાં મિલકતના માલિકો તેમની આવકમાં વધારો કરતી વખતે ઉદ્યોગમાં પરિવર્તનનો લાભ કેવી રીતે મેળવવો તે શીખી શકે તે વિવિધ માર્ગો પર પ્રકાશ પાડવામાં આવ્યો. મહત્વના સેશન્સમાં Booking.com, Rateping અને STAAH જેવા વિષયો પર ચર્ચાઓ કરવામાં આવી હતી જેમ કે અમદાવાદ માટે બજારની આંતરદષ્ટિ શેર કરવી, હોટેલો તેમની મિલકતની દશ્યતા અને OTA પર રૂપાંતરણ, વધુ રૂમ કેવી રીતે વેચવા અને કેવી રીતે અસરકારક વિતરણ વ્યૂહરચના અમલમાં મૂકી શકે તે અંગેની ટિપ્સ અને યોજનાઓ દ્વારા આવકમાં વધારો કરી શકાય તે વિષે ચર્ચા કરાઈ.

# યોગા એક્સપ્રેસ અને અમદાવાદ-આસનસોલ એક્સપ્રેસમાં થર્ડ એસી ઈકોનોમી શ્રેણીની સુવિધા

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધા માટે અમદાવાદ-યોગ નગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ અને અમદાવાદ-આસનસોલ એક્સપ્રેસ ટ્રેનોમાં થર્ડ એસી ઈકોનોમી શ્રેણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૧૯૦૩૧/૧૯૦૩૨ અમદાવાદ-યોગ નગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ ટ્રેનમાં ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ થી બે સ્લીપર શ્રેણીના કોચની જગ્યાએ બે થર્ડ એસી ઈકોનોમી શ્રેણીના કોચ કાયમી ધોરણે ઉમેરવામાં આવશે.

ટ્રેન નંબર ૧૯૪૩૫/૧૯૪૩૬ અમદાવાદ-આસનસોલ એક્સપ્રેસ ટ્રેનમાં ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ થી બે સ્લીપર શ્રેણીના કોચની જગ્યાએ બે થર્ડ એસી ઈકોનોમી શ્રેણીના કોચ કાયમી ધોરણે ઉમેરવામાં આવશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈને જોઈ શકે છે.

# શું તમને ખબર છે, પ્રસિદ્ધ ગાયક અનુ મલિકને અભિનેતા બનવું હતું?



ગત વર્ષે આગામી સિઝનની સફળતા બાદ, ઝી ટીવીનો જાણિતો ગાયકી આધારીત રિયાલિટી શો, સા રે ગા મા પા એ ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૩ પાછો ફરી રહ્યો છે, જેમાં હિમેશ રેશમિયા, નીતિ મોહન, અનુ મલિક જજ તરીકે અને આદિત્ય નારાયણ હોસ્ટ તરીકે જોવા મળશે.

સમગ્ર દેશના ઉભરતા સિતારાઓ જજ અને દર્શકોને પ્રભાવિત કરવા માટે તથા ટોચના ૧૨માં તેમનું સ્થાન મેળવવા માટે શ્રેષ્ઠ સુર લગાવી રહ્યા છે. ત્યારે આવો જ એક સ્પર્ધક છે, પંજાબનો અનમોલ, જેના ‘ઈક કુડી’ ગીત પરના અદભુત પર્ફોર્મન્સએ દરેકને અવાક કરી દીધા. ગાયકી, કમ્પોઝીંગ અને લેખનમાં તેની બહુર્વિધ પ્રતિભા વિશે જાણ્યા બાદ, જજ અનુ મલિકએ તેને ગાયકી ઉપરાંત તેના પ્રોફેશનલ લખવા પર પણ ધ્યાન આપવા માટે સૂચન કર્યું. તેઓ સ્ટેજ પર અનમોલની શેરો-શાયરીથી પ્રભાવિત થયા એટલું જ નહીં, પણ તેનાથી મંત્રમુગ્ધ પણ થઈ ગયા. અનુ મલિકે પોતાના ભૂતકાળથી પ્રેરિત થઈને જણાવ્યું કે, શરૂઆતમાં તેઓ પણ અભિનય તરફ વળવા માંગતા હતા, પણ આખરે તેઓ સંગીત ઉદ્યોગમાં જોડાયા!

# જાણિતી અભિનેત્રી શાલિની મહલ કુંડલી ભાગ્યના આકર્ષક કાસ્ટમાં જોડાઈ



ઝી ટીવીના પ્રસિદ્ધ પ્રાઈમ ટાઈમ શો, કુંડલી ભાગ્યએ તેની શરૂઆતથી જ તેના દર્શકોને ટેલિવિઝન સ્ક્રીન પર જકડી રાખ્યા છે. બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ આ શોમાં પ્રસિદ્ધ અભિનેત્રી જેવી કે, શ્રદ્ધા આર્યા (પ્રીતા તરીકે), શક્તિ આનંદ (કરણ તરીકે), માનિત જૌરા (રિષભ તરીકે), પારસ કાલ્નાવત (રાજવીર તરીકે), સના સૈય્યદ (પાલકી તરીકે) અને બસીર અલી (શૌર્ય તરીકે) જોવા મળશે. આ પારિવારિક નાટકએ લાગણીઓની ભરમાર લઈને આવે છે, સાથોસાથ માનવીય સંબંધોની આંતરિક્તા પણ રજૂ કરે છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ જોયું કે, કરણએ રાજવીર અને સૃષ્ટિ વચ્ચે કંઈક સંબંધ હોવાની શંકા લાગી હતી, કેમકે તે રાજવીરની સાથે ફોનમાં વાત કરી રહી હતી. આ દરમિયાન જ નીધીએ પ્રીતાને મારવા માટે આયોજન કરી રહી છે, જેથી પ્રીતા ફરીથી કરણના જીવનમાં પાછી ન આવે.

# હૃદય બદલી દેવું એ જ માનસ સંન્યાસ છે શ્રવણ શબ્દથી આવે છે ધ્યાન અશબ્દ હોય છે



ઓશો તપોવન કાઠમંડુથી પ્રવાહિત રામકથાના બીજા દિવસે અનેક જિજ્ઞાસાઓ આવી.કોઈએ પૂછ્યું કે બાપુ કથા સાંભળતા-સાંભળતા શ્રવણ ન કરી શકીએ અને ધ્યાન લાગી જાય તો?બાપુએ કહ્યું કે કથા શ્રવણનું ફળ જ ધ્યાનમાં ડૂબી જવું એ છે. ધ્યાનની જ શું વાત કરીએ હું તો સૂઈ જવાની પણ છૂટ આપું છું!સહજતાથી જે થાય એ થવા દો-ઓશોએ પણ આવું જ કહ્યું છે. આપણને ધ્યાન નથી લાગી રહ્યું એટલે બોલ-બોલ કરી રહ્યા છીએ.ઔષધિની જરૂર કોને પડે છે? બીમારને,નાદુરસ્તને.જે તંદુરસ્ત હોય છે એને ઔષધિની જરૂર નથી. જેટલા પણ સાધન કરો એ ઔષધિ છે અને ઔષધી જ આપણે બીમાર છીએ એનું પ્રમાણ છે! રામચરિત માનસના છેલ્લા પ્રકરણમાં માનસિક રોગોનો સંવાદ છે.ધ્યાનથી, મૌનથી,નૃત્ય કરીને,રોતા-રોતા,શાંત રહીને કોઈ પણ રીતે આપણા મનોરોગનો ઈલાજ થઈ રહ્યો છે. હૃદય બદલી દેવું એ જ માનસ સન્યાસ છે. સાધુ, સંન્યાસી, મુની પ્રેમથી દીક્ષિત થાય છે? હા.સૌથી મોટી દીક્ષા જ પ્રેમદીક્ષા છે. પછી સાધુ, મુની, સન્યાસી કે અવતાર હોય. જ્યાં સુધી બીમાર છીએ આશ્રમની જરૂર પડશે. છેલ્લો આશ્રમ સન્યાસ આશ્રમ છે. તુલસીદાસજીએ આઠ પ્રકારના ઔષધની વાત કરીઃ નેમ, ધરમ, આચાર, તપ, જ્ઞાન, યજ્ઞ, વ્રત અને દાન. જ્યાં સુધી બીમાર છીએ કોઈ નિયમ જરૂરી છે,ધર્મને પણ તુલસીએ ઔષધ કહ્યું છે.

આજે નાના-નાના ગ્રુપ સનાતનની મહાધારામાંથી મહાડોઝમાંથી પોતપોતાની નાની-નાની બોટલો ભરી અને પોતાના ક્લિનિકો ચલાવી રહ્યા છે! ઉત્તમ આચરણ પણ જરૂરી,તપ પણ ઔષધી,જ્ઞાન,યજ્ઞ, દાન પણ ઔષધી છે.પણ કોઈ વૈદ મળી જાય તો રોગ મટે.

### ઝાલોદ પોલીસ દ્વારા

# નગરમાં ફૂટ પેટ્રોલીંગ કરી વિવિધ વિસ્તારોમાં આગામી ગણેશ ઉત્સવને ધ્યાનમાં લઈ મીટિંગનું આયોજન કરાયું

### હિન્દુ મુસ્લિમ વિસ્તારોમાં મીટિંગ કરી ભાઈચારો જાળવી એકતા બનાવી રાખવા પી.એસ.આઇ રાઠવા દ્વારા અપીલ કરાઈ



। ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ પોલિસ દ્વારા જિલ્લા પોલિસ અધિકારીની સૂચના મુજબ આગામી ગણેશ ઉત્સવ નિમિત્તે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ નગરમાં શાંતિનો માહોલ બની રહે તેવા આશય થી નગરના પી.એસ.આઈ રાઠવા દ્વારા નગરમાં વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલીંગ કરતા અલગ અલગ વિસ્તારોમાં હિન્દુ સમુદાય અને મુસ્લિમ સમુદાયના લોકો સાથે એક મહોલ્લા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

નગરના કોળીવાડા વિસ્તારમાં પોલિસ દ્વારા મહોલ્લા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં મુસ્લિમ સમુદાયના લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા તેમાં પણ.એસ.આઈ રાઠવા દ્વારા આગામી ગણેશ ઉત્સવનો તહેવારને લઈ કોઈ તંગદિલી ન સર્જાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી તેમજ મુસ્લિમ સમુદાય દ્વારા તહેવારોમાં પોલિસને દરેક રીતે સહયોગ આપવાની ખાત્રી આપેલ હતી. ત્યાર બાદ મીઠાચોક વિસ્તારમાં હિન્દુ સમુદાયની પણ એક મહોલ્લા મીટિંગ યોજવામાં આવેલ હતી તેમજ ત્યાં પણ સહુ લોકોએ તંત્રને સંપૂર્ણ સહકાર આપી તહેવારોની ઉજવણી કરવા બાંહેધરી આપી હતી. હિન્દુ સમાજ દ્વારા આગામી તહેવારમાં કોઈ અનિચ્છનીય બનાવ કે તંગદિલી ન સર્જાય તે માટે એક કાયમી પોલિસ ચોકી ખોલવા માંગ કરવામાં આવી હતી. તેમજ પોલિસ પ્રસાસન દ્વારા દરેક ગણેશ મંડળના આગમન થાય ત્યારે પૂરતો પોલિસ બંદોબસ્ત તેમજ દરેક ગણેશ મંડળ પર પણ બંદોબસ્ત મુકવા માંગણી કરવામાં આવી હતી. તેમજ છેલ્લે હિન્દુ સમાજના સહુ આગેવાનો દ્વારા ગણેશ ઉત્સવની ઉજવણીમાં તંત્રને પૂરતો સહયોગ આપવાની ખાત્રી આપેલ હતી.

## વિશેષ

### તુર્કીથી આવેલા બેંગિસુ સુસાર પાંચ દિવસ સુધી રોપડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવશે

# ડિજિટલ સાક્ષરતા પ્રોજેક્ટ અંતર્ગત તુર્કીથી ભારત આવેલા કુમારી બેંગિસુ સુસારે અમદાવાદ જિલ્લાની રોપડા પ્રાથમિક શાળાની પસંદગી કરી





તુર્કીથી ભારત આવેલા કુમારી બેંગિસુ સુસારે અમદાવાદ જિલ્લાની રોપડા પ્રાથમિક શાળાની પસંદગી કરી છે. એટલું જ નહીં, બેંગિસુ સુસાર પાંચ દિવસ સુધી રોપડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવશે. આપણે જાણીએ છીએ કે પરીવર્તન સંસારનો નિયમ છે. એક જમાનો હતો કે જ્યારે ગુરુકુળ અથવા વિદ્યાપીઠોમાં ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર અધ્યયન અને અધ્યાપન થતું. સમયાનુસાર તે ઉત્તમ પધ્ધતિ હતી પણ સમયના બદલાવ સાથે રીત બદલાતી ગઇ છે. આજે વિશ્વ બદલાઈ રહ્યું છે, આજના વિશ્વમાં ઓનલાઇ શિક્ષણ અથવા કહો કે ઈન્ટરનેટથી શિક્ષણ ખૂબ વ્યાપક બનતું જઇ રહ્યું છે અને તેને આપણે અપનાવી પણ રહ્યા છીએ. આજે ડિજિટલ સાક્ષરતા પણ મહત્વનું બની ગયું છે અને કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ ડિજિટલ સાક્ષરતાને ખુબ મહત્વ આપીને ઘણી યોજનાઓ અને પ્રોજેક્ટ શહેર અને ગ્રામિણ લેવલ પર શરૂ કર્યા છે. ભારતમાં સતત વધી રહેલા ડિજિટલ સાક્ષરતાનું મહત્વ સમજવા અને તેનો વ્યાપક બાળકો સુધી વધુમાં વધુ પહોંચાડવા માટે ડિજિટલ સાક્ષરતા પ્રોજેક્ટ અંતર્ગત તુર્કીથી ભારત આવેલા કુમારી બેંગિસુ સુસારે અમદાવાદ જિલ્લાની રોપડા પ્રાથમિક શાળાની પસંદગી કરી છે. એટલું જ નહીં, બેંગિસુ સુસાર પાંચ દિવસ સુધી રોપડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવશે.

આ અંગે વાત કરતા તુર્કીથી આવેલા કુમારી બેંગિસુ સુસાર કહે છે કે, હું અત્યારે તુર્કીમાં બાયો મેડિક્લ એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરું છું. મારા ડિજિટલ લિટરસી પ્રોજેક્ટ અંતર્ગત હું ભારતમાં આવી છું. મારા આ પ્રોજેક્ટ અંતર્ગત મેં પ્રથમ દેશ તરીકે ભારતની પસંદગી કરી છે. મેં જ્યાં સુધી રિચર્સ કર્યું છે ત્યાં સુધી મને ખ્યાલ છે કે ભારતમાં ડિજિટલ લિટરસીનો વ્યાપ ખૂબ ઝડપથી વધી રહ્યો છે. ભારત સરકાર પણ ડિજિટલ સાક્ષરતાને લઇ ખૂબ જ પ્રાધાન્ય આપી રહી છે. એટલું જ નહીં, ભારતમાં ડિજિટલ લિટરસીને લઈને અનેક તકોનું નિર્માણ પણ થઇ રહ્યું છે. હું ભારત શહેરના ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે કામ કરવાને લઈને ઉત્સાહીત છું.

કુમારી બેંગિસુ સુસારે વધુમાં કહ્યું કે, મેં મારા પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ જિલ્લાની રોપડા ગામની પ્રાથમિક શાળાની પસંદગી કરી છે. હાલમાં હું ગ્રામ્ય કક્ષાના બાળકોને ડિજિટલ સાધનોનો ઉપયોગ વિશે સમજાવી રહી છું તેમજ વિવિધ પ્રવૃતિઓ સાથે-સાથે નાટક પ્રવૃત્તિ દ્વારા બાળકોની ભાવનાત્મક અને શારીરિક જાગૃતિના વિકાસનું મહત્વ સમજાવી રહી છું. હું આ શાળામાં આવીને આશ્ચર્યચકિત થઇ ગઇ કેમ કે આ શાળામાં ભવિષ્યની યોજનાઓને લઇને પોતાની તમામ સુવિધાઓ અપડેટ કરેલી છે. આ શાળામાં બાળકોને ડિજીટલ પ્લેટફોર્મ થકી એજ્યુકેશન આપવામાં આવી રહ્યું છે, જે ખરેખર સહારનીય છે. હું રોપડા શાળા પરિષરની હકારાત્મક ઊર્જા તેમજ બાળકો અને શિક્ષકોથી ખૂબ પ્રભાવિત થઇ છું. આ સાથે-સાથે ભારતના ગ્રામ્ય વિસ્તારની રહેણી કરણી, ખેતરો-લીલોતરી અને વિકાસ જોઈને પણ અભિભૂત થઇ છું એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

બેંગિસુ સુસારે કહ્યું કે, ડિજિટલ લિટરસી ક્ષેત્રમાં કાર્ય કરવા માટે હું ૧૭ જુલાઈથી ભારતમાં આવી છું અને ૨ સપ્ટેમ્બર સુધી ભારતમાં આ પ્રોજેક્ટ પર કામ કરવાની છું. મેં અત્યાર સુધીમાં વારાણસીના બનારસ, રાજસ્થાન તેમજ હવે હું ગુજરાતની મુલાકાત પર લઈ રહી છું.

ભારતના દેશના લોકો ખૂબ જ લાગણીશીલ હોય છે એમ કહી તેઓને પોતાના દેશના લોકો સાથે સરખામણી કરી ભારત દેશના લોકોને સ-વિશેષ પણ ગણાવ્યા હતા.

આ અંગે વાત કરતા રોપડા પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી નિશીથ આચાર્ય કહે છે કે, અમારી સ્કૂલમાં શિક્ષણ અને સહ-અભ્યાસી પ્રવતિની સાથે રમતા રમતા શિખીએ માધ્યમ થકી ઘણી એવી પ્રવૃતિઓ બાળકો સાથે કરવામાં આવી છે, જેનો બાળકોએ ખુબ સારો એવો લાભ લીધો છે. એટલું જ નહીં, તેનાથી બાળકોમાં ઉત્તરોતર પ્રગતિ થતી પણ જોવા મળી છે. તાજેતરમાં જ અમારી શાળામાં તુર્કીથી બેંગિસુ સુસાર મુલાકાત લેવા માટે આવ્યા છે.

શ્રી નિશીથ આચાર્યએ વધુમાં કહ્યું કે, આ બેંગિસુ સુસાર બાળકો સાથે ડિજિટલ એજ્યુકેશન એટલે કે શિક્ષણ ક્ષેત્રે ડિજિટલ એજ્યુકેશનનો શું મહત્વ છે અને ડિજિટલ એજ્યુકેશનમાં બાળકોને પડતી મુશ્કેલીઓને દૂર કરવા કેવી રીતે અભ્યાસ કરી શકે તેની સમજ આપે છે. પાંચ દિવસ સુધી શાળાના વિદ્યાર્થીઓને ભણાવશે. શિક્ષણની સાથો-સાથ વિદ્યાર્થીઓને બેઝિક ઈંગ્લિશ બોલતા, વિદ્યાર્થીઓને ભવિષ્યમાં શું બનવા માગે છે અને વિદ્યાર્થીઓ સાથે અનેક રમતો રમશે. વિદ્યાર્થીઓ સાથે ડ્રામા એક્ટિવિટી પણ કરી રહ્યા છે. અમારા શાળાના શિક્ષકો તેમની સાથે જોડાઈને એક મીડિયેટરનું કામ પણ કરી રહ્યા છે, જેનાથી વિદ્યાર્થીઓ તેમની ભાષા સરળતાથી સમજી શકે.

તુર્કીથી આવેલા બેંગિસુ સુસાર રોપડા પ્રાથમિક સ્કૂલ સિવાય તેઓ રોપડા ગામની પણ મુલાકાત લેવાના છે, ગામના વાતવરણનો અને ખેતીવાડીનો પણ અભ્યાસ કરશે અને ગ્રામજનો સાથે મુલાકાત કરીને ભારત અને ગુજરાતના કલ્ચરલ વિશે પણ જાણશે.

## ન્યૂઝ બ્રિફ

### હની ટ્રેપ ગોઠવીને પૈસા પડાવતી ગેંગ પોલીસના સકંજામાં આવી

। સુરત,તા.૨૮ ।

સુરતના અડાજણમાં હની ટ્રેપ ગોઠવીને પૈસા પડાવતી ગેંગ પોલીસના સકંજામાં આવી છે. અડાજણ પોલીસે ૬ આરોપીઓના વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરુ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે ૨ આરોપીઓને ઝડપી લીધા છે. સુરતના અડાજણમાં હની ટ્રેપ ગોઠવીને પૈસા પડાવતી ગેંગ પોલીસના સકંજામાં આવી છે. અડાજણ પોલીસે ૬ આરોપીઓના વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરુ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે ૨ આરોપીઓને ઝડપી લીધા છે. હની ટ્રેપ મામલામાં નકલી પોલીસ આવતી હતી અને જેના દ્વારા પૈસા પડાવવામાં આવતા હતા. પોલીસે ઘટનામાં તપાસ શરુ કરી છે અને અન્ય આરોપીઓની ધરપકડ કરવા માટેની કાર્યવાહી શરુ કરી છે. નકલી પોલીસ દ્વારા ફરિયાદીને ટ્રેપ દરમિયાન દંડા વડે માર મારીને પોલીસ તરીકેનો રોફ જમાવ્યો હતો. ઘટનાને લઈ પોલીસ મથકે એક યુવતી અને એજન્ટ સહિતના આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. નકલી પોલીસે ૪૩ હજાર પડાવ્યા હતા.

### વડોદરા મેડિકલ કોલેજની હોસ્ટેલમાં ૧૦થી વધુ વિદ્યાર્થીને ડેન્ગ્યૂ થયો

। વડોદરા, તા.૨૮ ।

વડોદરા મેડિકલ કોલેજની કોઠી રોડ સ્થિત હોસ્ટેલમાં પણ ડેન્ગ્યુની એન્ટ્રી થઈ હોવાની વિગતો સપાટી પર આવી છે. મળતી વિગતો પ્રમાણે પાંચ જેટલા મેડિકલ સ્ટુડન્ટસને ડેન્ગ્યુ થતા ભાવિ ડોકટરોમાં ચિંતાનો માહોલ છે.બીજાને દવા આપતા ભાવિ ડોકટરોને જ હવે દવા લેવાનો વારો આવ્યો છે. વડોદરામાં ચોમાસાની ઋતુમાં ઠેર-ઠેર મચ્છરોનો ઉપ દ્રવ વધ્યો છે.ખાસ કરીને ડેન્ગ્યૂના રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. વડોદરા મેડિકલ કોલેજની કોઠી રોડ સ્થિત હોસ્ટેલમાં પણ ડેન્ગ્યુની એન્ટ્રી થઈ હોવાની વિગતો સપાટી પર આવી છે. મળતી વિગતો પ્રમાણે પાંચ જેટલા મેડિકલ સ્ટુડન્ટસને ડેન્ગ્યુ થતા ભાવિ ડોકટરોમાં ચિંતાનો માહોલ છે. બીજાને દવા આપતા ભાવિ ડોકટરોને જ હવે દવા લેવાનો વારો આવ્યો છે.મળતી વિગતો પ્રમાણે ૧૦ તબીબી વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ થયો છે. જ્યારે ૨૫થી વધુ તબીબી વિદ્યાર્થીઓ તાવ અને ટાઈફોઈડનો ભોગ બન્યા છે.



લોક જાગૃતિના હેતુથી એસબીઆઈ અને ટ્રાફિક પોલીસની સંયુક્ત રેલી સરદાર પટેલ સ્ટેડિયમથી નીકળી હતી.

## ક્ષત્રિય ઠાકોર સમાજે કુરિવાજોને લઈ કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા

। મહેસાણા,તા.૨૮ ।

રાજ્યમાં વિવિધ સમાજો દ્વારા સમાજમાં ચાલતા કુરિવાજો અને વિવિધ સામાજિક વ્યવહારો બંધ કરાવા માટે અભિયાન છેડાયું છે. ત્યારે મહેસાણા જિલ્લાના વડનગર વિસ્તારમાં વસવાટ કરતા વડનગર બારપરા ક્ષત્રિય ઠાકોર સમાજે કુરિવાજોને લઈ કેટલાક મહત્વના નિર્ણયો લીધા છે. વડનગર બારપરા ક્ષત્રિય ઠાકોર સમાજમાં લગ્ન જેવા શુભ પ્રસંગોએ ડીજે વગાડવાની પ્રથા ચાલે છે. જેનાથી આર્થિક ભારણ વધે છે, જેને લઈ ડીજે વગાડવાના કુરિવાજ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સાથો સાથ બારપરા ક્ષત્રિય ઠાકોર સમાજમાં લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ જુગાર જેવી બંદીને ડામવા પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. વડનગર બારપરા ક્ષત્રિય ઠાકોર સમાજે વિવિધ કુરિવાજોને તિલાજંલી આપી છે. જેમ કે, મરણ પ્રસંગોમાં ચાલતા વિવિધ વ્યવહારો અને કુરિવાજ પ્રથા ઉપર પણ સંપ ૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે પણ કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણની સગવડો મળી રહે તે દિશામાં પ્રયત્નો કરવા પણ સમાજ આગેવાનોએ હાંકલ કરી છે.

### મુકેશ અંબાણીએ મોટું એલાન કર્યું । રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના નવા એનર્જી બિઝનેસમાં રૂ. ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કર્યું

# જામનગરમાં ૨૦૨૬ સુધીમાં રિલાયન્સ ગીગાફેક્ટરી બનાવશે

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના નવા એનર્જી બિઝનેસમાં રૂ. ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે, જ્યારે જામનગર રિફાઈનરીની ફોકસ કેમિકલ ઉત્પાદન પર રહે છે

। જામનગર,તા.૨૮ ।



રિલાયન્સ AGM ૨૦૨૩માં તેમના સંબોધનમાં RILના ચેરમેન મુકેશ અંબાણીએ જાહેરાત કરી હતી કે, જૂથ ૨૦૨૬ સુધીમાં બેટરી ગીગા ફેક્ટરી સ્થાપશે. આ સુવિધા ગુજરાતના જામનગરમાં સ્થાપિત કરવામાં આવશે. મુકેશ અંબાણીએ કહ્યું કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના નવા એનર્જી બિઝનેસમાં રૂ. ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે. જ્યારે જામનગર રિફાઈનરીની ફોકસ કેમિકલ ઉત્પાદન પર રહે છે. RIL કંપનીના નવા ઉર્જા કારોબાર માટે સતત નવા રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. Jio Financial Services નો રોડમેપ રજૂ કરતા મુકેશ અંબાણીએ કહ્યું કે Jio Fin વીમા ક્ષેત્રમાં પ્રવેશ કરશે, આ માટે વૈશ્વિક નેતાઓ સાથે ભાગીદારી કરવામાં આવશે. મુકેશ અંબાણીએ કહ્યું કે Jio ફાયનાન્સિયલ સર્વિસ દ્વારા ૧૪૨ કરોડ ભારતીયોને નાણાકીય સેવાઓ પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે Jio ફાઈનાન્શિયલ સર્વિસ બ્લોકચેન અને CBDT આધારિત પ્રોડક્ટ્સ લોન્ચ કરશે, જેમાં જીવન અને સ્વાસ્થ્ય વીમો શામેલ હશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ૪૬મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતા મુકેશ અંબાણીએ કહ્યું કે, ભારતમાં વિશ્વનું નેતૃત્વ કરવાની ક્ષમતા છે. ભારત ન તો અટકે છે, ન થાકે છે કે હારે છે. પોતાના સંબોધનની શરૂઆતમાં તેમણે ચંદ્રયાન-૩ની સફળતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું કે, નવી રિલાયન્સ ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ દરમિયાન તેમણે કહ્યું કે ઈશા-આકાશ અને અનંત અંબાણીનો રિલાયન્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સમાવેશ કરવામાં આવશે અને નીતા અંબાણી અલગ થઈ જશે. મુકેશ અંબાણીએ રિલાયન્સનો પાયો નાખનાર પોતાના પિતા અને સ્વર્ગસ્થ ધીરુભાઈ અંબાણીને યાદ કરતાં મુકેશ અંબાણીએ કહ્યું કે, રિલાયન્સે 'પાવર ઓફ ડ્રીમ' સાબિત કર્યું છે. આજે અમે રિલાયન્સ વિશે જે સપનું જોયું હતું તે દરેક સપનું પૂરું કર્યું છે. હવે રિલાયન્સનું લક્ષ્ય આગામી સમયમાં દરેક ભારતીયના હાથમાં ડિજિટલ ટેકનોલોજીની શક્તિ પહોંચાડવાનું છે.

### ધનાઢ્ય પરિવારમાં કલંકિત ઘટના ઘટી, માતાએ પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી

# વાપીમાં ઉદ્યોગપતિ પિતાએ પોતાની જ પુત્રીને હવસનો શિકાર બનાવી

### પૈસે ટકે સારા પરિવારમાંથી આ કિસ્સો સાંભળતા પોલીસ પણ સ્તબ્ધ થઇ ગઇ હતી

। વાપી,તા.૨૮ ।

દીકરી એટલે વ્હાલનો દરિયો, દીકરી તો કાળજાનો કટકો. તેમાં પણ પિતા માટે તો દીકરી એટલે દિકરા બરાબર. માં દીકરીને બે શબ્દ બોલે પણ બાપ દીકરીને ખસ પણ ન કહે. બાપ દીકરીના પવિત્ર સંબંધોને લાંછન લગાડતો એક કિસ્સો ઔધોગિક નગરી વાપીમાંથી સામે આવ્યો છે. અહીં હેવાન બાપે પોતાની દીકરી પર જ નજર બગાડી અને દુષ્કર્મનો શિકાર બનાવી છે. એટલું જ નહીં આ નરાધમ તેની દીકરી ૧૩ વર્ષની હતી, ત્યારથી દુષ્કર્મ ગુજારતો હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે હવસખોર પિતાની અટકાયત કરી છે. તો આ મામલો સામે આવતા આખા શહેરમાં ચકચાર મચી જવા પામી છે. મૂળ રાજસ્થાનના અને હાલ વાપી ખાતે રહેતા ધનાઢ્ય પરિવારની દીકરી દુષ્કર્મનો ભોગ બની છે. ધનાઢ્ય પરિવારની દીકરીને સગા પિતાએ પીંખી નાખી છે. દીકરી જ્યારે ૧૩ વર્ષની હતી, ત્યારે હેવાન પિતાએ તેની પર નજર બગાડી હતી અને દીકરી સાથે દુષ્કૃત્ય આચરવાનું શરૂ કર્યું હતું. જે બાદ આ નરાધમ ઘરે એકલતાનો લાભ લઈ પોતાની જ પુત્રી પર દુષ્કર્મ આચરતો હતો. જોકે, આખરે પિતાના ત્રાસથી કંટાળીને દીકરીએ સમગ્ર હકીકત માતાને જણાવતા માતાના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. જે બાદ દીકરીને લઈને માતા પોલીસ મથકે પહોંચી હતી.

### સોશ્યલ મીડિયાથી મિત્રતા કરવી ભારે પડી

# સુરતનાં સરથાણા વિસ્તારમાં યુવકે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું

### સરથાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી

। સુરત,તા.૨૮ ।

સુરતનાં સરથાણ વિસ્તારમાં યુવક દ્વારા સગીરા સાથે સોશિયલ મીડિયાનાં માધ્યમથી મિત્રતા કેળવ્યા બાદ આરોપી દ્વારા સગીરા સાથે વાતચીત શરૂ કરી એકબીજાનાં મોબાઈલ નંબરની આપ લે કરી હતી. જે બાદ યુવક ઘરે એકલો હતો. તે દરમ્યાન યુવક દ્વારા યુવતીને ઘરે બોલાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ત્યારે બાદ યુવક દ્વારા યુવતીનાં ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. જેથી સગીરાનાં પિતાએ આ બાબતે સરથાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સુરતનાં સરથાણ વિસ્તારમાં રહેતા યુવક દ્વારા સગીરાનાં ફોટા વાયરલ કરવાની ધમકી આપી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ સગીરા છેલ્લા થોડા દિવસથી ટેન્શનમાં રહેતી હોઈ પરિવાર પૂછપરછ હાથ ધરી હતી. જે બાદ સગીરાએ સઘળી વિગત જણાવતા આ બાબતે સગીરાનાં પિ ચાએ સરથાણ પોલીસ મથકે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ બાબતે તપાસ અધિકારીએ જણાવ્યું હતુ કે, સરથાણ પોલીસ મથક ખાતે તા. ૨૭.૮.૨૦૨૩ નાં રોજ આઈપીસી કલમ ૩૭૬ તેમજ પોક્સો અધિનિયમ હેઠળ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. સરથાણ પોલીસ મથકે સગીરાનાં પિતાએ આરોપી પપ્પુ ગુપ્તા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી પપ્પુ ગુપ્તાએ ઈન્સ્ટાગ્રામનાં માધ્યમથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી.

### ઈ-વ્હિકલ ધારકો માટે મહત્વના સમાચાર

## અમદાવાદમાં ઈ-વ્હિકલ માટે ૨૪ ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવામાં આવશે

### ચાર્જિંગ સ્ટેશનો પર પહેલીવાર ફ્રી ચાર્જિંગ કરી આપવામાં આવશે જ્યારે ૫ વખત વાહનોને ચાર્જિંગ કરવા સુધી ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

। અમદાવાદ, તા.૨૮ ।



દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી રહી છે. વાહનોથી થતું કાર્બન ઉત્સર્જન, ગ્લોબલ વોર્મિગ અંગે વધી રહેલી જાગૃતિ, ઉત્સર્જન અંગેના કડક માપદંડ અને સરકાર દ્વારા મળતા પ્રોત્સાહનના કારણે ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં ઈલેક્ટ્રિક વ્હીકલનો ક્રેઝ વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં ઈ-વ્હિકલ માટે ૨૪ ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવામાં આવશે. AMCએ કુલ ૨૪ ચાર્જિંગ સ્ટેશન માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. જેમાંથી હાલમાં ૧૨ સ્ટેશન પર કામ ચાલી રહ્યું છે. અમદાવાદના પ્રહલાદ નગર, સિંધુભવન, ગુરુકુળ સહિતના વિસ્તારોમાં ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરાયા છે. AMCએ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન માટે ઈ-વેમ્પ નામની ખાનગી કંપનીને કામ સોંપ્યું છે. AMC દ્વારા PPP ધોરણે ઈ-વેમ્પ કંપની સેવા પૂરી પાડશે. આ ચાર્જિંગ સ્ટેશન શરૂ થયા બાદ ઈફ ૩૫ મિનિટમાં ચાર્જ થઈ જશે. આ ચાર્જિંગ સ્ટેશનો પર ૫ હેલીવાર ફ્રી ચાર્જિંગ કરી આપવામાં આવશે. જ્યારે ૫ ચાર્જિંગ સુધી ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ અંગે ઈ વેમ્પ કંપનીના ફાઉન્ડર દેવાંશ શાહે જણાવ્યું કે, અત્યારે અમદાવાદના ૧૨ લોકેશન શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં સિંધુભવન, ઈક્રમટેક્સ, પ્રહલાદનગર, નરોડા, નિકલો, સીટીએમ વગેરે વિસ્તારમાં ચાર્જિંગ સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. ચાર્જિંગ સ્ટેશન શરૂ થયા બાદ ચાર્જિંગ સ્ટેશનો પર પહેલીવાર ચાર્જિંગ કરાવતા વાહનચાલકોને ફ્રી ચાર્જિંગ કરી આપવામાં આવશે. જ્યારે ૫ વખત વાહનોને ચાર્જિંગ કરવા સુધી ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપ વામાં આવશે. જેવી અલગ અલગ ઓફરો વાહનચાલકોને આપવામાં આવશે. હાલની તારીખમાં ગુજરાતમાં અમારા ૧૮થી વધારે ચાર્જિંગ સ્ટેશન કાર્યરત છે. જેમાં ઈસી ચાર્જિંગ અને ડીસી ચાર્જિંગનો સમાવેશ થાય છે.

### ગુજરાતમાં મોટા પાયે દારુ ઘુસાડવાનો પ્રયાસ

## શામળાજી બોર્ડર પાસેથી ૪૮.૫૩ લાખનો દારુ ભરેલ કન્ટેનર ઝડપાયુ

### વિદેશી દારુની હેરાફેરી અટકાવવા માટે થઈને ગાંધીનગર રેન્જ આઈજી તરફથી સતત સરહદી જિલ્લાઓને ધોંસ વધારવા માટે સૂચનો કરવામાં આવી રહ્યા છે



। સાબરકાંઠા,તા.૨૮ ।

અરવલ્લી અને સાબરકાંઠા થઈને ગુજરાતમાં મોટા પાયે દારુ ઘુસાડવામાં આવતો હોય છે. આ માટે સરહદી વિસ્તારોમાં પોલીસની નજર ચૂકવવા માટે અવનવા કિમીયા બૂટલેગરો અપનાવીને દારુને મોટાપ્રમાણમાં ગુજરાતમાં હેરફેર કરવામાં આવતો હોય છે. આવી જ રીતે શામળાજી નજીક અણસોલ પોલીસ ચોકી પાસે પોલીસે એક દારુ ભરેલ કન્ટેનર ઝડપી લેવામાં આવ્યુ હતુ. શામળાજી પોલીસને બાતમી મળી હોવાને લઈ ચેકિંગ વધારી દેવામાં આવ્યુ હતુ. આ દરમિયાન બાતમીના વર્ણન મુજબનુ ટ્રક કન્ટેનર આવી પહોંચ્યુ હતુ, જેને રોકીને તલાશી લેતા જેમાંથી મોટા પ્રમાણમાં દારુનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ચાલકની ધરપકડ કરીને તપાસ શરુ કરી છે. વિદેશી દારુની હેરાફેરી અટકાવવા માટે થઈને ગાંધીનગર રેન્જ આઈજી તરફથી સતત સરહદી જિલ્લાઓને ધોંસ વધારવા માટે સૂચનો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન જ શામળાજી પોલીસને મોટો જથ્થો હાથ લાગ્યો છે. શામળાજી પોલીસ દ્વારા અણસોલ ચોકી પાસે ચેકિંહ હાથ ધરવામાં આવ્યુ હતુ. બાતમી હોવાને લઈ પોલીસે બાજ નજર સાથે રાજસ્થાન તરફથી આવતા તમામ વાહનો પર ધ્યાન રાખવામાં આવી રહ્યુ હતુ. આ દરમિયાન જ એક કન્ટેનર ટ્રક બાતમી મુજબ આવી પહોંચતા તેને રોકીને તલાશી લેવામાં આવી હતી. બંધ બોડીના કન્ટેનરમાંથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો હતો. ટ્રકમાંથી ૭૮૪ જેટલા કાર્ટૂનમાં પેક કરેલ ૨૪૦૨૪ નગ બોટલ હાથ લાગી હતી. પોલીસે દારુના જથ્થા સાથે આરોપી ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. પોલીસે ૪૮ લાખ ૫૩ હજારના વિદેશી શરાબના જથ્થાને પોલીસે જપ્ત કર્યો હતો.

## જૂનાગઢમાં ખેડૂતોને અપૂરતા વીજ પુરવઠાને લઈ અધિકારીની ચેમ્બરમાં રામધૂન કરી

। જૂનાગઢ,તા.૨૮ ।

જૂનાગઢના કેશોદ વિસ્તારમાં પણ ખેડૂતોને અપૂરતા વીજ પુરવઠાને લઈ સમસ્યા સર્જાઈ છે. જેને લઈ તંગ આવેલા ખેડૂતોએ આખરે કાર્યપાલક ઈજનેરની કચેરીમાં જ પહોંચી જઈ વિરોધ નોંધાવતા રામધૂન કરી હતી. હાલમાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ ખેંચાવાને લઈ ખેડૂતો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ચોમાસુ પાકના સારા વાવેતર બાદ હવે સિંચાઈને લઈ સમસ્યાઓ સર્જાઈ રહી છે. હાલમાં વીજળીની તાતી જરુર છે, ત્યારે કેટલાક વિસ્તારમાં વીજળીનો પુરવઠો અપૂરતો મળવાની ખેડૂતોની ફરિયાદ ઉઠી છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ આવી સમસ્યા જોવા મળી રહી છે. જૂનાગઢના કેશોદ વિસ્તારમાં પણ ખેડૂતોને અપૂરતા વીજ પુરવઠાને લઈ સમસ્યા સર્જાઈ છે. જેને લઈ તંગ આવેલા ખેડૂતોએ આખરે કાર્યપાલક ઈજનેરની કચેરીમાં જ પ હોંચી જઈ વિરોધ નોંધાવતા રામધૂન કરી હતી. વિરોધને પગલે સ્થાનિક પોલીસ પણ વીજ કચેરી ખાતે પહોંચી હતી. કેશોદ સહિતના છ ગામના ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો અને સૂર્યોદય યોજનાને ઝડપથી શરુ કરવામાં આવે અને ખેડૂતોને પડતી વીજળીના અપૂરતા સપ્લાયની સમસ્યા દૂર કરવા માટે માંગ કરી હતી. ગામના ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો અને સૂર્યોદય યોજનાને ઝડપથી શરુ કરવામાં આવે અને ખેડૂતોને પડતી વીજળીના અપૂરતા સપ્લાયની સમસ્યા દૂર કરવા માટે માંગ કરી હતી.



ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨